શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત
તત્ત્વાર્થદીપનિબન્ધના અન્તર્ગત દ્વિતીય

સર્વનિર્ણય પ્રકરણ (ફલપ્રકરણ)

(કારિકા ૨૫૬ થી ૨૯૪)

ગુજરાતીમાં ભાષાન્તરણકર્તા :

ગો.વા.પ.ભ. શ્રીસુન્દરલાલ મણિલાલ વકીલ

પૂ.પા.ગો.૧૦૮ શ્રીઇન્દિરાબેટીજી પ્રસ્થાપિત 'શ્રીવલ્લભ
ફાઉન્ડેશન ટ્રસ્ટ' (શિબિર વિભાગ) આયોજિત
'પુષ્ટિમાર્ગીય પ્રશિક્ષણ શિબિર' ના ફક્ત શિબિરાર્થીઓ
માટે શિબિરમાં અધ્યયનાર્થ પાઠ્યપુસ્તિકા

: પ્રકાશક :
'શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ' (શિબિર વિભાગ)
શ્રીવ્રજધામ આધ્યાત્મિક સંકુલ, વ્રજધામ માર્ગ, માંજલપુર-
વડોદરા-૩૯૦ ૦૧૧. ફોન - (૦૨૬૫) ૨૬૬૧૦૧૫

શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત

તત્ત્વાર્થ દીપ નિબન્ધ

(દ્વિતીય) સર્વનિર્ણય પ્રકરણ

(ફલપ્રકરણ-કારિકા ૨૫૬ થી ૨૯૪)

कर्ममार्गे प्रवक्ष्यामि भ्रान्तानां बहुशः फलम् ।। २५६ ।।
अयथाज्ञानतः कर्म कुर्वाणास्त्रिविधा मताः ।
सात्त्विकादिविभेदेन कर्म चाऽपि त्रिधा भवेत् ।। २५७ ।।
सात्त्विकः सात्त्विकं कर्म यथाश्रुतिपरः कृती ।
स्वर्गलोकस्तस्य सिद्ध्येद्विमानस्त्रीभिरावृतः ।। २५८ ।।
पुण्यस्य तु तिरोधाने पतत्यर्वाक्शिरास्ततः ।
पुण्यशेषं समादाय समीचीनेषु जायते ।। २५९ ।।
राजसं कर्म कुर्वाणो मेर्वादिसुखभाग् भवेत् ।
तामसं कर्म कुर्वाणः पाताले सुखभाग् यथा ।। २६० ।।
राजसः सात्त्विकं कुर्वन् दैत्यस्वर्गेषु जायते ।
राजसं कर्म कुर्वाणश्चन्द्रलोके सुखी भवेत् ।। २६१ ।।
वृष्टिद्वारान्नरूपः सन् रेतोयोनिषु जायते ।
तामसं कर्म कुर्वाणो यक्षलोके सुखी भवेत् ।। २६२ ।।
तामसः सात्त्विकं कुर्वन् पितृलोके महीयते ।
राजसं कर्म कुर्वाणो भूतादिसुखमाप्नुयात् ।।
तामसं कर्म कुर्वाणः सर्पादिसुखभुग्भवेत् ।। २६३ ।।

सर्वेषां पुनरावृत्तिस्तथा कर्मपुनर्भवः ।
एवं त्रयीधर्मपरा गतागतमवाप्नुयुः ।। २६४ ।।
तत्तद्देवोपासकानामाजन्मोपासने फलम् ।
तत्तत्सायुज्यरूपादि वेदोक्तानामनेकधा ।
पौराणिकानां च तथा निषिद्धेतरभावतः ।। २६५ ।।
यजन्ते सात्त्विका देवान् यक्षरक्षांसि राजसाः ।
प्रेतान् भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ।। २६६ ।।
विहितानेककर्तृणां देहान्ते यदुपासनम् ।
तत्सायुज्यादिसिद्धिः स्यात्तत्पोषोऽन्यस्य वै फलम् ।।२६७ ।।
कर्मणां गहना रीतिर्ब्रह्मणापि न बुद्ध्यते ।
ईश्वरत्वात्तदिच्छायाः प्रधानत्वादनेकधा ।
तदुद्रेकोऽवसाने स्यात् कृपाक्रोधविभेदतः ।। २६८ ।।
कृपयाऽधमतां प्राप्य भक्तं वै मोचयेत् क्वचित् ।
अनियुक्ततपस्यानां पीडया क्रोधतः क्वचित् ।
हीनभावं नयत्येष दुष्टं वा मोचयेत् क्वचित् ।। २६९ ।।
कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ।। २७० ।।
अतश्च सुतरामेव कर्ममार्गो दुरत्ययः ।
अतोऽपि भजनं कार्यं भजने नहि तादृशम् ।। २७१ ।।
अन्योन्यनाशकत्वं च कर्मणां भवति क्वचित् ।
कर्ममार्गे फलं तस्मान्न निरूप्यं हि सर्वथा ।। २७२ ।।

ભાવાર્થ : હવે હું કર્મમાર્ગમાં ભ્રાન્ત થયેલા જીવોનું બહુ પ્રકારનું ફલ, પ્રકર્ષે કરીને (સારી રીતે) કહીશ. યથાજ્ઞાન વિના કર્મ કરનારાઓ (ભગવાનના મત પ્રમાણે) ત્રણ પ્રકારના મનાયેલા છે, તેમજ વળી સાત્ત્વિક, રાજસિક અને તામસિક ઈત્યાદિ વિભેદ વડે કર્મ પણ ત્રણ પ્રકારનું હોય છે. (૨૫૬-૫૭) **સાત્ત્વિક** જીવ જો **સાત્ત્વિક** કર્મ યથાશ્રુતિપરાયણ થઈ કરતો હોય, તો વિમાન સ્રીઓથી આવૃત-વિરાજિત થયેલો **સ્વર્ગ**લોક તેને સિદ્ધ થાય છે (૨૫૮) પરંતુ (એનું) પુણ્ય, તિરોહિત-ક્ષીણ થાય એટલે ત્યાંથી નીચે મસ્તકે તેનો અધઃપાત થાય છે, અને (પોતાનો અવશિષ્ટ) પુણ્યશેષ લઈ સમીચીન કુલમાં એટલે ઉત્તમ યોનિના પવિત્રસત્કુલમાં તે જન્મ પામે છે. (૨૫૯) જો **સાત્ત્વિક** જીવ રાજસકર્મ કરતો હોય તો **મે**રુપર્વતાદિ સ્થલનું જે સુખ હોય છે તે સુખનો ભોગ કરે છે. જો **સાત્ત્વિક** જીવ **તામસ** કર્મ કરતો હોય, તો તે **પાતાલ**નેવિષે યથાયોગ્ય સુખ ભોગવે છે.(૨૬૦) **રાજસ**જીવ જો **સાત્ત્વિક**કર્મ કરતો હોય, તો તે દૈત્યલોકના **સ્વર્ગોને** વિષે જન્મ પામે છે. **રાજસ** જીવ જો **રાજસ** કર્મ કરતો હોય તો તે **ચન્દ્ર**લોકને વિષે સુખ પામે છે (૨૬૧) અને વૃષ્ટિ દ્વારા અન્ન રૂપ થઈ રેતોયોનિને વિષે જન્મ પામે છે. જો **રાજસ** જીવ **તામસ**કર્મ કરતો હોય, તો તે યક્ષલોકમાં સુખ પામે છે. (૨૬૨) જો **તામસ**જીવ **સાત્ત્વિક**કર્મ કરતો હોય તો તે **પિતૃ**લોકમાં મહિમા પામે છે. **તામસ**જીવ જો **રાજસ**કર્મ કરતો હોય તો તે **ભૂતા**દિલોકનું સુખ પ્રાપ્ત કરેછે. જો તામસજીવ તામસ કર્મ કરતો હોય તો તે, **સર્પા**દિલોકનું સુખ ભોગવે છે. (૨૬૩) - પરન્તુ આ નવવિધ (૯ પ્રકારના) કર્મમાં સર્વે જીવોની (મર્ત્યલોકમાં) પુનરાવૃત્તિ (પુનર્જન્મ) થાય છે તેમજ વળી, (પૂર્વ કર્મના અવશિષ્ટ) શેષરૂપી કર્મ બીજાથી (સ્વસજાતીય) કર્માન્તરની પુનઃ ઉત્પત્તિ થાય છે. એ રીતે (નવવિધ કર્મ માર્ગમાં) ત્રયી વેદોક્ત કર્મપરાયણ જીવો ગતાગત (તે તે સ્વર્ગાદિ લોકમાં જવું અને પુનઃ મૃત્યુલોકમાં પુનઃ આગમન કરવું એવા) અનિત્ય ફલને પ્રાપ્ત થાય છે. (૨૬૪) (હવે **પ્રકીર્ણક ઉપાસના**ઓના **ફલ**નું કથન કરવા નાના પ્રકારના દેવના ઉપાસકોનું ફલ કહે છે. **અગ્નિહોત્રાદિ** કરવામાં તે તે વેદોક્ત **અગ્નિઆદિ** દેવતાની જે ઉપાસનાબુદ્ધિ જીવને થાય છે તેમાં તે તે ઉપાસકને ભેદબુદ્ધિ થતી હોવાથી તે તે **દેવતાનું સાયુજ્ય** થવાનું ફલ, તે તે ઉપાસકને પ્રાપ્ત થાય છે.) તે તે વેદોક્ત અગ્નિઆદિદેવોના ઉપાસકો જો જન્મથી ઉપાસના કરે, તો તેમને તે તે દેવનું સાયુજ્યાદિરૂપ ફલ, અનેક પ્રકારે પ્રાપ્ત થાય છે, તેમજ નિષિદ્ધ ન હોય એવા ભાવથી **પૌરાણિક દુર્ગા, ગણપતિ** ઈત્યાદિ દેવોના ઉપાસકોને પણ તે તે દેવનું **સાયુજ્ય** થવારૂપી ફલ પ્રાપ્ત થાયછે. (૨૬૫) સાત્ત્વિકજીવો દેવોનું, રાજસજીવો યક્ષોનું તથા રાક્ષસોનું, અને અન્યે **તામસ**જીવો પ્રેતોનું તથા ભૂતગણોનું યજન ભજન કરે છે. તે તે દેવના ભક્તો તે તે દેવને પામે છે, જ્યારે ભગવદ્ભક્તો ભગવાનને સેવી ભગવાનને પ્રાપ્ત થાય છે. (૨૬૬) વિહિત અનેક દેવોની ઉપાસના કરનારાઓને દેહના અન્તમાં તેમણે જે દેવતાની ઉપાસના કરી હોય છે, તે દેવતાના **સાયુજ્યાદિ** તેમને પ્રાપ્ત થાય છે. અન્ય દેવતાની ઉપાસના, તે - અન્તિમ દેવતાના સાયુજ્યાદિફલને નિશ્ચયે કરીને પોષણ આપે છે. (અર્થાત્ તે ઉપાસકોએ (પૂર્વ) જે અન્ય દેવતાની ઉપાસના કરી હોય છે તે પૂર્વ દેવતાની ઉપાસના, અન્તિમ દેવતાના સત્વર પ્રસન્ન થવામાં કારણભૂત છે.) (૨૬૭) કર્મની ગતિ ગહન છે, બ્રહ્માથી પણ તે જાણી શકાતી નથી; કારણ કે ભગવાનની **ઈચ્છા ઈશ્વર** છે અર્થાત્ **બલિષ્ઠ** છે, અને પ્રધાનસ્થાને હોય છે. અનેક પ્રકારે તેનો ઉદ્રેક (પ્રાબલ્ય, વૃદ્ધિ વા પ્રારમ્ભ) થાય છે તથાપિ દેહના અવસાન સમયે કર્મ ફલદાયક થાય છે. ક્વચિત્ કૃપારૂપે-શુભરૂપે, અને ક્વચિત્ ક્રોધરૂપે - અશુભરૂપે એમ ભિન્ન પ્રકારે કર્મસ્વરૂપી ભગવાન (ફલદાન સમયે) પ્રકટ થાય છે. (૨૬૮) જો કર્મસ્વરૂપી ભગવાનની ઈચ્છા શુભરૂપ હોય છે, તો ક્વચિત્ **અધમતા**ને પ્રાપ્ત થયેલા **ભક્તજન**ને પણ

પોતે કૃપા કરી, ખરેખર, **મુક્તિ** આપે છે; અને જો **ભગવદિચ્છા** અશુભરૂપ હોય છે, તો ક્વચિત્, **કર્મસ્વરૂપી ભગવાન** પોતે, **ક્રોધ** કરી (આજ્ઞા વિના જેઓ તપશ્ચર્યા કરી **શરીરની** ભીતર અન્તઃકરણમાં બિરાજતા ભગવાનને પીડા આપે તેવી) અનિયુક્ત તપશ્ચર્યા કરનારાઓને, **દુઃખ** પણ આપે છે. એ ભગવાન ક્વચિત્ **દુષ્ટ**જીવને **હીનભાવ** પ્રાપ્ત કરાવે છે અથવા તો ક્વચિત્ તેને **મુ**ક્તિનું પણ દાન કરી દે છે. (૨૬૯) આમ છે, તેથી **વિહિત** કર્મને **વિષે** પણ વિચાર કરવો કે ભગવદિચ્છા કેવી છે ? જો ભગવદિચ્છા કર્મ કરાવવાની હોય, તો જ, તે વિહિત કર્મ કરવું. જો ભગવદિચ્છા ન હોય, તો તે વિહિતકર્મ પણ ન કરવું. તેવી જ રીતે, વિકર્મ તેમજ અકર્મને વિષે પણ (ભગવદિચ્છા) કર્મ કરાવવાની છે કે નથી તેનો) વિચાર કરવો. કર્મની ગતિ ગહન છે. (૨૭૦) આ કારણને લીધે જ, **કર્મમાર્ગ સુતરામ્ દુરત્યય છે**. (અર્થાત્ વિશેષે કરીને **કર્મમાર્ગને પેલેપાર** જીવથી જઈ **શકાતું નથી** એવો કર્મમાર્ગ છે.) ત્યારે શું કરવું ? એવી ઉત્કણ્ઠા થાય તો કહે છે કે ‘આ રીતે **કર્મમાર્ગ** દુરત્યય છે, તેથી પણ જીવે ભગવદ્ભજન અવશ્ય કરવું જોઈએ; કારણ કે ભગવદ્ભજન કરવાથી (ઉપર કહ્યું) તેવું અનિષ્ટ તો થતું નથી જ. (૨૭૧) ક્વચિત્ કર્મો પરસ્પર નાશ કરનારા થાય છે. તેથી કર્મમાર્ગમાં ફલનું નિરૂપણ પણ સર્વથા થઈ શકતું નથી- એમ સિદ્ધ થાય છે. (૨૭૨)

વિવેચન : ‘एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति। (बृह.उप. ४-३-३२) અર્થાત્ - ‘આ જ **આનન્દની માત્રા** ઉપર અન્ય ભૂતો ઉપજીવન કરે છે’ આધાર રાખે છે. ઈત્યાદિ શ્રુત્યનુસાર સર્વત્ર જગત્માં સદંશ લોકમાં સુખરૂપ ફલ, તથા તે સુખની વાંછા નિવૃત્ત કરવા તે ફલના સાધનભૂત વૈદિક કર્મ પણ દર્શાવ્યા છે. એ સર્વ કનિષ્ઠ અધિકાર પરત્વે છે-એમ સ્ફુટ કરવા આચાર્યશ્રી કારિકામાં કહે છે કે

‘कर्ममार्ग इति।’ ‘કર્મમાર્ગમાં પ્રવૃત્ત થયેલા જીવો ભ્રાન્ત છે.’ ‘જ્ઞાન હોય છતાં કર્મો કયે પ્રકારે ભ્રાન્તિ ઉત્પન્ન કરે ?’ એ શંકા થાય તો **સમાધાન** કરે છે કે **‘अयथाज्ञानत इति ।’** ભગવાને અયથાજ્ઞાનતઃ અર્થાત્ યથોક્તજ્ઞાનરહિત કર્મ કરનારા જીવોને ત્રાણ પ્રકારના માન્યા છે. સ્વભાવ તથા ગુણના ભેદને લીધે કર્મનું વિવિધમાર્ગપણું હોય છે. (**કર્મ અનેક માર્ગે અનેક પ્રકારે** થાય છે.) ચિત્તના સ્વભાવભૂત થયેલા ગુણોના ભેદને લીધે નાના પ્રકારના જીવો બહુ પ્રકારનાં યજ્ઞ, દાન, જપ, ઈત્યાદિ કર્મો કરે છે. તામસ જીવ, કદાપિ સાત્ત્વિક કર્મ કરતો નથી, અને જો કરે છે તો તે સાત્ત્વિક કર્મ પોતે તામસ પ્રકારે કરે છે એમ સમજવું. એ રીતે શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાને કર્મના નવ ભેદ નિરૂપિત કર્યા છે. **‘कर्त्ता सात्त्विक उच्यते ।। (भ.गी.१८-२६) यत्तत्सात्त्विकमुच्यते ।। (भ.गी.१८-२३)** શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૮ મા અધ્યાયના ૨૩-૩૨ શ્લોકમાં ‘કર્તા સાત્ત્વિક કહેવાય છે’ જે કર્મ નિત્ય, અજ્ઞાનાસક્તિથી રહિત તથા સંસારના અનુરાગથી તથા દ્વેષથી રહિત છે-એવું જે કર્મ નિષ્કામ ભક્તે ભગવત્પ્રીત્યર્થે કર્યું હોય તે કર્મ સાત્ત્વિક કહેવાય છે’ - ઈત્યાદિ શ્લોકમાં ભગવાને કર્મના નવ ભેદ કહ્યા છે. **‘ऊर्द्ध्वं गच्छन्ति सत्त्वस्थाः ।। (भ.गी.१४-१८)** સત્ત્વસ્થ જીવો ઊર્દ્ધ્વગમન કરે છે- એ વાક્યાનુસાર કર્મ ત્રાણ પ્રકારનું હોય ત્યારે સાત્ત્વિક જીવ જ ઉત્તરમાર્ગે ઊર્દ્ધ્વ (ઉચ્ચ) ઈત્યાદિ લોકને વિષે ગમન કરે છે એમ કહી શકાય છે. **‘अन्तरायैरविहतो यदि धर्मः स्वनुष्ठितः । (भाग. ११-१०-२२-७)’** આ શ્રીમદ્ભાગવતના પંચશ્લોકમાં **ભ**ગવાને સાત્ત્વિક યજ્ઞકર્તાનું ફલ સ્ફુટ કર્યું છે. ‘**સ્વ**ર્ગાદિક ફલ પણ **સ્પર્દ્ધા**, **અસૂયા**, **નાશ** તથા **અપક્ષય** ઈત્યાદિ દોષને લીધે નિરર્થક છે એમ શ્રુતિઓ કહે છે. જો ધર્મ વિઘ્નથી વિઘાત પામ્યો ન હોય તથા સારી રીતે અનુષ્ઠિત થયો હોય તો તેના ફલત્વે પ્રાપ્ત થતું સ્થાન આ પ્રકારે છે : **(સાત્ત્વિક) યાજ્ઞિક** અધિકારી આ લોકમાં

યજ્ઞો કરીને દેવતાઓનું ભજન કરીને **સ્વર્ગલોકે** ગમન કરેછે. તત્ર પોતે (આ લોકના પુણ્યબલે) પ્રાપ્ત કરેલા દિવ્ય ભોગોને દેવવત્ ભોગવે છે. નિજ પુણ્યબલે પ્રાપ્ત કરેલા તથા સર્વભોગસમ્પન્ન થયેલા એવા વિમાનમાં મનોહર વેશ ધારણ કરીને ક્રીડાચતુર દેવાઙ્ગનાઓના મધ્યમાં તે વિહાર કરે છે, અને ગન્ધર્વો તેનું ગાન કરે છે કિંકિણીના ઝણકારવાળા કામચારી વિમાનોમાં સ્ત્રીઓના સંગે **સ્વર્ગના નન્દનવના**દિ ક્રીડાસ્થલમાં તે પુણ્યવાન્ ક્રીડા કરી વિષયભોગમાં લોલુપ થઈ જાય છે, પરન્તુ પુણ્યક્ષીણ થયે પોતીકો જે અધઃપાત થવાનો છે તેનું એને ભાન પણ થતું નથી. જ્યાં પર્યન્ત પુણ્ય સમાપ્ત થાય ત્યાં પર્યન્ત તે **સ્વર્ગલોક**માં ઉત્તમ આનન્દ ભોગવે છે. પરન્તુ એનું પુણ્ય જ્યાં ક્ષીણ થયું કે તરત જ કાલબલથી હારી જઈને તેની ઈચ્છા હોય કે ન હોય તો પણ સ્વર્ગલોકમાંથી તે નીચે પડે છે.’ - આ પ્રકારે **સાત્ત્વિક**કર્તાનું ફલ કથ્યું. (જુઓ કારિકા ૬-૧૦ નું વિવેચન) હવે **રાજસ**કર્તાને આના કરતાં પણ હીનફલ થાય છે. એમ બોધ કરતાં આચાર્યશ્રી અતિદેશ કરે છે કે **રાજસ**કર્મના ફલમાં પણ અન્તે સાત્ત્વિકકર્મના ફલની માફક આ લોકમાં પુનર્જન્માદિક થાય છે. તેવી જ રીતે રાજસજીવ પણ દક્ષિણમાર્ગે ગમન કરતો કરતો દૈત્યના સ્વર્ગોમાં, **ચન્દ્ર**લોકમાં, તથા **યક્ષ**લોકમાં સુખનો અનુભવ કરે છે. સર્વપ્રકારના લોકનો સંગ્રહ કરવાને અર્થે સત્ત્વાદિગુણના તારતમ્ય પ્રમાણે ન્યૂન વા અધિક ફલની કલ્પના કરી છે.

હવે યમલોકમાર્ગનો સંગ્રહ કરવાને અર્થે **તામસો**નું ફલ કથે છે કે **તામસજીવો**ને **સાત્ત્વિક**, **રાજસિક** તથા **તામસિક** કર્માનુસાર, અનુક્રમે **પિતૃ**લોક, **ભૂત**લોક તથા **સર્પ**લોક ફલરૂપે પ્રાપ્ત થાય છે. આ પ્રકારે ૯ વિધ કર્મનું ફલ નિરૂપિત કરીને **ગીતોક્ત** **ભગવદ્વાક્યે** ઉપસંહાર કરે છે કે **‘एवं त्रयीधर्मपरा इति ।’ આ પ્રકારે ત્રયીવેદોક્ત કર્મમાં પરાયણ રહેલા જીવો ગતાગત** (અર્થાત્ તે તે સ્વર્ગાદિ લોકમાં જવું અને પુનઃ મૃત્યુલોકના જન્મમરણાત્મક પ્રવાહમાં આગમન કરવું એવા અસ્થિર) **ફલને પ્રાપ્ત થાય છે**. હવે [૧]પ્રકીર્ણક (મિશ્ર ઉપાસના કરનારા) જીવોનું ફલ કથન કરવા કહે છે કે **‘तत्तद्देवोपासकानामिति ।’** વેદોક્ત **અગ્નિ** ઈત્યાદિ નાના પ્રકારના દેવોના ઉપાસકોને તે તે દેવનું સાયુજ્ય થવારૂપી ફલ પ્રાપ્ત થાય છે - તે તે દેવની ઉપાસના કરવામાં ભેદબુદ્ધિ થતી હોવાથી તે તે દેવની સાથે સાયુજ્યથવારૂપી ફલની પ્રાપ્તિ થાય છે. [૨] **પુરાણ**માં કહેલા દુર્ગા, **ગણ**પતિ ઈત્યાદિ દેવોની ઉપાસના નિષિદ્ધ ન હોય એવા ભાવથી જ જો કરવામાં આવે તો જ **તે ઉપાસકોને** પણ **દક્ષિણ**માર્ગને વિષે **તે તે** દેવની સાથે **સાયુજ્ય** થવારૂપી ફલની પ્રાપ્તિ થાય છે. (૨૫૬-૨૬૫)

‘આ પ્રકારે વિષ્ણુની ઉપાસનાનું ફલ [૩]ઉત્કૃષ્ટ છે, તો પછી વિષ્ણુનો પરિત્યાગ કરી, કોઈ પણ જીવ અન્યદેવનો ઉપાસક થશે નહિ’ - એવી શંકા થાય તો ગીતામાં કહેલા ભગવદ્વાક્યથી **આચાર્યશ્રી સમાધાન** કરે છે કે ‘જીવો પોતાના અધિકાર પ્રમાણે તે તે સાત્ત્વિક, રાજસિક, વા તામસિક દેવોનું ભજન કરે છે’ - આમ કારિકા યોજી પોતે સમાધાન કર્યું છે કે **‘यजन्ते सात्त्विका देवानिति’** સાત્ત્વિક જીવો દેવોનું, રાજસજીવો **યક્ષો**નું તથા **રાક્ષસો**નું અને અન્ય **તામસ** જીવો પ્રેતોનું તથા ભૂતગણોનું

---

૧. પ્રકીર્ણક ઉપાસનાઓ જ્ઞાનકાણ્ડૈકદેશ પ્રતિપાદિત ઉપાસનાઓ. જૈમિનિએ ૪ અધ્યાયનું સંકર્ષણકાંડ કર્યું તે દેવતાકાણ્ડ કહેવાય છે. આ કાણ્ડ પણ ‘ઉપાસના’ નામના કર્મનું પ્રતિપાદક હોવાથી કર્મમીમાંસામાં જ સમાવેશ પામે છે. તેમાં કહેલી રીતિએ દેવોપાસન કર્યાથી તદ્ઉપાસકને તે પ્રકારનું જ ફલ થાય છે.

૨. અત્ર પૌરાણિક દેવો પંચાયતનરૂપ વિશિષ્ટશેષ એવા સૂર્ય, વિષ્ણુ, શિવ, શક્તિ, તથા ગણપતિ સમજવા. તેમની ઉપાસનાનું ફલ પણ દક્ષિણ રીતિએ જ થાય છે -એમ જણાવવાને મૂલમાં ‘निषिद्धेतरभावतः’ એવું પદ યોજયું છે. અર્થાત્ નિષિદ્ધ ન હોય એવા ભાવથી જ જો એમની ઉપાસના થાય તો ફલદાન થાય છે.

૩. બહુ બહુ પુરાણોમાં વિષ્ણુનો ઉત્કર્ષ પ્રતિપાદિત કરેલો હોવાથી આ શંકા થાય તો તેનું સમાધાન અત્ર કર્યું છે કે અધિકારિભેદથી તે તે દેવું ભજન ઘટી શકે છે.

યજન કરે છે. તે તે દેવના ભક્તો તે દેવને પામે છે, જ્યારે **નિર્ગુણ ભગવદ્ભક્તો** **ભગવાનને** સેવી **ભગવાનને પ્રાપ્ત** થાય છે. એકી સમયે બહુદેવની ઉપાસના કરવામાં આવે તો કર્મનું પ્રાધાન્ય હોવાથી કર્મમાર્ગીય જ ફલ પ્રાપ્ત થાય છે, ઉપાસનાનું ફલ પ્રાપ્ત થતું નથી. (૨૬૬) ‘ક્રમપૂર્વક ભક્તિથી તે તે દેવતાની ઉપાસના કરવામાં આવે તો ફલ શું થાય ?’ આ શંકા થાય તો તેનું સમાધાન કહે છે કે **‘विहितानेकेति’** અનેક દેવતાની વિહિત ઉપાસના કરવામાં આવે તો દેહના અન્તમાં જે દેવતાની ઉપાસના કરવામાં આવે છે તે દેવતાની સાથે જ સાયુજ્યાદિ ફલ પ્રાપ્ત થાય છે. પૂર્વે જે દેવતાની ઉપાસના કરી હોય છે તે દેવતા પ્રસન્ન થાય છે અને અન્તિમ દેવતા સત્વર પ્રસન્ન થઈ ફલદાન કરે તેમાં પૂર્વદેવતાની અભ્યનુજ્ઞા (સંમતિ) જ કારણ થાય છે. (૨૬૭) અતઃપર - આ ઉપરથી કર્મનું બલ વિચારણીય છે, કારણ કે **અક્ષરા**ત્મત્વે કરીને **કર્મ** ફલદાનાંશમાં સ્વતન્ત્ર પ્રમેયરૂપ છે. તેથી હવે આચાર્યશ્રી **કર્મના બલ**નો વિચાર કરે છે : - આ રીતે ઉપાસનામાં નિયત ફલનું ઉપપાદન કરીને કર્મમાર્ગે જ ફલ અનિયત - અનિશ્ચિત છે એમ જણાવવા આચાર્યશ્રી કારિકામાં સિદ્ધાન્ત કહે છે કે **‘कर्मणां गहना रीतिः’** ‘કર્મની રીતિ-ગતિ ગહન છે’ કર્મના એક વિહિત અંશમાં સહસ્ર નિષિદ્ધકર્મ આવી પડે છે અને તે જ પ્રકારે એક નિષિદ્ધકર્મમાં પણ અનેક વિહિત કર્મો આવી પડે છે. તેથી એ કર્મને વિષે કયા કર્મનું ફલ થાય છે એને વિષે સર્વેને જ શંકા થાય છે. તત્ર હેતુ કથે છે કે **‘ईश्वरत्वात्तदिच्छाया इति’** **ભગવદિચ્છા ઈશ્વર** છે - બલિષ્ઠ જ છે. **કર્મસ્વરૂપી ભગવાન** સ્વેચ્છાથી કેવા રૂપે દુષ્કર્મરૂપે વા સુકૃતરૂપે **અભિવ્યક્ત** થશે તે **જાણી શકાતું નથી.** (કર્મસ્વરૂપી ભગવાનની સ્વતન્ત્રતા પ્રકટ કરે છે :-) કર્મસ્વરૂપી ભગવાન ઈશ્વર છે, સ્વતન્ત્ર છે; એટલે પોતાની ઈચ્છા પ્રમાણે ક્વચિત્ દુષ્કર્મરૂપે પ્રકટ થઈ દુઃખરૂપ ફલનું દાન કરે છે, તેમ ક્વચિત્ સુકૃતરૂપે પ્રકટ થઈ સુખરૂપ ફલનું દાન કરે છે - આવી ભગવદિચ્છા અવ્યક્ત એટલે અપ્રકટ છે. એટલે એ ભગવદિચ્છા કેવી છે તે કોઈથી કળી શકાતું નથી. એથી સિદ્ધ થાય છે કે વિધિ વ્યર્થ છે એટલે કર્મનું ફલ નિયત-નિશ્ચિત થઈ શકતું નથી, કારણ કે અનેક પ્રકારે તે (કર્મ) ની અભિવૃદ્ધિ થાય છે ત્યાં પણ દેહના અન્તસમયમાં જે કર્મ હોય છે તે કર્મ જ ફલદાયક થાય છે. ત્યારે પણ સ્વેચ્છાથી કર્મ સ્વરૂપી ભગવાન કેવારૂપે (દુઃખરૂપે વા સુખરૂપે) પ્રકટ થશે તે જાણી શકાતું નથી, જો ભગવાનની જીવ ઉપર કૃપા થાય છે તો પોતે શુભરૂપે - પુણ્યરૂપે પ્રકટ થઈ તેને સુખનું ફલદાન કરે છે, જો જીવ ઉપર ભગવાનનો કોપ થાય છે, તો પોતે અશુભરૂપે પ્રકટ થઈ, તેને દુઃખરૂપી ફલ ભોગવાવે છે. એમ તે તે પ્રકારની ભગવદિચ્છાથી નિર્ણય થઈ શકે છે. (૨૬૮) તેનું ઉપપાદન કરવાને અર્થે કારિકામાં કહ્યું છે કે **‘कृपयेति’** અધમ ગતિને પ્રાપ્ત થયેલા એવા ભક્ત જીવ ઉપર પણ જો **ભગવાનની** કૃપા કરવાની ઈચ્છા થાય છે તો ભગવાન પોતે એવા અધમ જીવને પણ કૃપા કરી **મુક્તિ**રૂપી શુભ **ફલ**નું દાન કરે છે - એ રીતે નિષિદ્ધ કર્મના અન્તમાં કર્મસ્વરૂપી ભગવાન પોતે, સદ્રૂપે - શુભરૂપે પ્રકટ થાય છે. તેવી જ રીતે વિહિત શુભ કર્મના અન્તમાં પણ કર્મસ્વરૂપી ભગવાન સ્વેચ્છાથી નિષિદ્ધ અશુભ ફલરૂપે પણ પ્રકટ થાય છે. નિષિદ્ધના અન્તે સદ્રૂપે પણ (સ્વેચ્છાએ કર્મસ્વરૂપી ભગવાનનો) આવિર્ભાવ થાય, અને વિહિતના અન્તે નિષિદ્ધરૂપે પણ સ્વેચ્છાએ એમનો આવિર્ભાવ થાય એમ જણાવવા આચાર્યશ્રી કહે છે કે **‘अनियुक्ततपस्यानामिति’** ભગવાનની આજ્ઞા વિના જ જે જીવો અતિ ઉગ્ર તપશ્ચર્યા કરે છે તેઓ અન્તે શરીરની ભીતર વિરાજતા ભગવાનને પીડા આપે છે, અને તેથી તેઓ અન્તે ભગવાનના કોપને પાત્ર થાય છે. ભગવાન કોપાયમાન થઈ એવી ઉગ્ર તપશ્ચર્યા કરનારાઓને પણ શ્વાન-ગ્રામસિંહ-કૂતરા ઈત્યાદિની યોનિ પ્રાપ્ત કરાવી અથવા નરકાદિક અધમગતિને પ્રાપ્ત કરાવી દુઃખ ભોગવાવે છે. આ રીતે વિહિત શુભ કર્મને અન્તે પણ ભગવાન સ્વેચ્છાથી નિષિદ્ધ અશુભ ફલરૂપે

પ્રકટ થાય છે. જો ભગવાનની ઈચ્છા હોય છે તો પોતે સન્તુષ્ટ થઈ એવા તપસ્વીને પણ ક્વચિત્ મુક્તિનું દાન પણ કરી દે છે. આ પ્રકારે ઈશ્વરનું સર્વસમર્થ ભગવાનનું ચરિત્ર દુર્વિભાવ્ય-દુર્જ્ઞેય છે એમ સમજવું (૨૬૯-૨૭૦). આ કારણથી જ શ્રીભગવાન કર્મમાર્ગને વિષે પોતાનો શો અભિપ્રાય છે તે નિરૂપિત કરી રહ્યા છે એ જણાવવા આચાર્યશ્રી કારિકામાં ભગવદુક્ત શ્લોક કહે છે કે **‘कर्मणो ह्यपि बोद्धव्यमिति’** વિહિત કર્મને વિષે પણ વિચાર કર્તવ્ય છે.’ ભગવાનની ઈચ્છા શું કર્મ કરાવવાની છે કે કર્મ ન કરાવવાની છે ?’ એ વિચાર પણ અવશ્ય કરવો ઘટે છે. જો ભગવદિચ્છા તે **વિહિત** કર્મ કરાવવાની હોય તો જ તે કર્મ કરવું, પણ જો એવી ઈચ્છા ન હોય તો તે કર્મ ન કરવું. તેવી જ રીતે **વિકર્મ**-વિપરીત કર્મને વિષે પણ ભગવાનનો અભિપ્રાય સમજવો જોઈએ. જેમકે, ‘અગ્નિહોત્રાદિકર્મ કલિયુગમાં કર્તવ્ય નથી’. અત્ર ભગવદિચ્છા તે તે અગ્નિહોત્રાદિ કર્મ કરાવવાની છે કે ન કરાવવાની છે એવો વિચાર કરી અગ્નિહોત્રાદિ કર્મ કરવા કે ન કરવા એનો નિર્ણય કરવો જોઈએ. તે જ પ્રમાણે નિષિદ્ધ કર્મને વિષે પણ વિચાર કરવો જોઈએ. જેમકે, બ્રાહ્મણનો વધ નિષિદ્ધ છે તે કરવો જોઈએ કે ન કરવો જોઈએ ? જો ભગવાનની ઈચ્છા બ્રાહ્મણનો વધ કરાવવાની જ હોય તો તે વધ પણ હિતકારી થઈ પડે છે. જેમકે, દ્રોણાદિ જે પોતાના ગુરુજનો હતા તેમનો તથા પોતાના સ્વજનોનો વધ, યદ્યપિ શાસ્ત્રમાં[1] નિષિદ્ધ હતો તો પણ તેમનો વધ અર્જુને ભગવદાજ્ઞાને અનુસરીને કર્યો. એથી જ ભગવાને શ્રીમુખે ઉપદેશ કર્યો છે કે **‘गहना कर्मणो गतिः’** કર્મની ગતિ ગહન છે’ આથી કર્મનું ફલ નિરૂપિત કરવું કઠિન છે એવો અર્થ સિદ્ધ થાય છે આથી આચાર્યશ્રી ઉપસંહાર કરે છે કે **‘अतश्च सुतरामेव कर्ममार्गो दुरत्यय इति’** એથી

---

[1] (જુઓ શ્રીન્યાસાદેશ ઉપર શ્રીવિઠ્ઠલેશપ્રભુની ટીકા-ન્યાસાદેશ તાત્પર્યવિવરણ જે ગીતાના ઉપોદ્‌ઘાત તરીકે મ.ગ.શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કર્યું છે.)

પણ વળી કર્મમાર્ગ તો સુતરામ્ (ખાસ કરીને) દુરત્યય છે - વિશેષે કરીને જ પાર પામી શકાતો નથી.’ આ પ્રકારે કર્મમાર્ગને પાર પણ જીવ થઈ શકતો નથી તો પછી તેણે શું કરવું એ આકાંક્ષા થાય તો આચાર્યશ્રી સમાધાન કહે છે કે **‘अतोऽपि भजनं कार्यमिति’** કર્મમાર્ગ દુરત્યય છે. કર્મમાર્ગને પાર પામી શકાતું નથી એમ સમજીને પણ જીવે **ભગવદ્ભજન અવશ્ય કરવું ઘટે છે.’** **શંકા :** ‘ભગવદ્ભજન કરવામાં પણ જો આ પ્રકારે થાય તો પછી ભગવદ્ભજનમાર્ગમાં તથા કર્મમાર્ગમાં શો વિશેષ (ફેર) રહ્યો ?’ - આ શંકા થાય તો આચાર્યશ્રી સમાધાન કરે છે કે **‘भजने नहि तादृशमिति’** ભગવદ્ભજનમાર્ગમાં કર્મમાર્ગના જેવું **અનિષ્ટ** પ્રાપ્ત થતું **નથી**.’ કર્મમાર્ગમાં ભગવાનની ઈચ્છા વિના કર્મ કરવામાં આવે, તો અનિષ્ટ ફલ પ્રાપ્ત થાય છે; પરન્તુ ભક્તિમાર્ગમાં જો ભગવદિચ્છા વિના ભજન કરવામાં આવે તો તે ભજનમાં પ્રતિબન્ધ આવી પડવાથી ભગવદ્ભજન ઉત્તમ રીતે થઈ શકતું નથી અને તેથી એ ભજનથી પરમ ફલનો નિર્વાહ ન થઈ શકે - એમ કદાચ સમ્ભવે, પરન્તુ (એવું એવું પણ) ભગવાનનું ભજન કરવાથી કંઈ પણ અનિષ્ટ થતું નથી એટલો પણ નિશ્ચય આ ભક્તિમાર્ગમાં જ થાય છે. આ પ્રકારે ભક્તિમાર્ગ કર્મમાર્ગ કરતાં ઉત્તમ છે એમ સિદ્ધ થાય છે. (૨૭૦-૨૭૧)

અત્ર આ **આશય** છે. કાલ, કર્મ તથા સ્વભાવ એ ભગવાનના અક્ષર સ્વરૂપનાં જ રૂપો છે એમ પૂર્વે પ્રતિપાદિત કરીને અક્ષરનું જ રૂપાન્તર કર્મ છે એમ સિદ્ધ કર્યું છે. ૧૦૯ મી કારિકામાં ક્રિયાશક્તિરૂપી ભગવાન કર્મરૂપે કર્મફલની સમાપ્તિપર્યન્ત પ્રકટ રહે છે એમ નિરૂપિત કર્યું છે, **‘एतस्यैवाक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिवी विधृते तिष्ठतः ॥ (बृह.उप.३-८-९)** હે ગાર્ગિ ! આ અક્ષરના જ પ્રશાસનમાં દ્યુલોક તથા પૃથિવી ધારણ થઈને રહે છે.’ - ઈત્યાદિ શ્રુતિઓથી - ભગવાનના

અક્ષરરૂપનું ઈશિતૃત્વ શાસન કરવાપણું સિદ્ધ થાય છે. તે અક્ષરરૂપે અભિન્ન હોવાથી **કર્મસ્વરૂપી ભગવાન** પણ ઈશ છે - અર્થાત્ સ્વતન્ત્રપણે ફલદાન કરવા સમર્થ છે. **‘अन्ते या मतिः सा गतिः’** અન્તે જેવી મતિ તેવી ગતિ. આ ન્યાય ભગવદ્વાક્યાનુસાર છે એટલે અન્તકાલસમયે તે તે પ્રકારની મતિ ઉત્પન્ન કરી તે તે પ્રકારની ગતિ પણ તે **કર્મસ્વરૂપી** ભગવાન જ કરાવે છે. આ પ્રકારે **ભગવાનનું સ્વાતન્ત્ર્ય** ઉપપાદિત કર્યું. (૨૭૦-૨૭૧).

હવે કર્મમાર્ગ કરતાં ભક્તિમાર્ગની વિલક્ષણતા કથે છે :

‘કર્મફલને વિષે કેવલ ઈશ્વરેચ્છા જ પ્રતિબન્ધક થતી નથી, પરન્તુ બીજું પણ પ્રતિબન્ધક છે’ એમ જણાવવા આચાર્યશ્રી કહે છે કે **‘अन्योन्यनाशकत्वमिति’** કર્મો પરસ્પર એક બીજાનો નાશ કરે છે.’ જેમકે **‘अनवसरे नमस्कारादर्द्धं पुण्यं विनश्यति ।’ ‘अजारजः खररजो हन्ति पुण्यं पुराकृतम् ।’** અનવસરે ગુર્વાદિને નમસ્કાર કરવામાં આવે તો અર્દ્ધપુણ્ય નાશ પામે છે.’ અજા બકરીની વા ગર્દભની (ગધેડાની) ધૂલ (ઊડે તો તેથી) પૂર્વે કરેલા પુણ્યનો નાશ થાય છે’. આ પ્રકારે કર્મફલના નાશ કરનારાં બહુ કર્મો હોય છે. તેવી જ રીતે **‘वेधोपवासे गान्धार्याः पुत्रशतं नष्टम्’** દશમીનો વેધ પામેલી એકાદશીનો ઉપવાસ કરવાથી ગાન્ધારીના ૧૦૦ પુત્ર નાશ પામ્યા.’ વળી, કહ્યું છે કે **(सर्व सुकृतमादत्ते । (३-१०० मनुस्मृति); दिवाऽतिथौ तु विमुखे गते यत्पातकं नृप । तदेवाष्टगुणं प्रोक्तं सूर्योढे विमुखे गते । (विष्णुपुराण)** ‘અપૂજિત અતિથિ સર્વપુણ્ય હરી લે છે.’ ‘દિવસે અતિથિ વિમુખ જતાં જે પાપ થાય તેના કરતાં સૂર્યોદયે અતિથિ વિમુખ જાય તો ૮ ગણું પાપ વધે છે.’ આથી અતિથિનું સન્માન ગૃહસ્થિએ યથાશક્તિ કરવું ઘટે છે.) **‘अतिथिर्विमुखो यातः पुण्यमादाय गच्छति’** જો અતિથિ

વિમુખ જાય તો જે ગૃહમાંથી તે વિમુખ થઈને જાય છે તે ગૃહસ્થીનું પુણ્ય, પણ તે અતિથિ લેતો જાય છે.’ શ્રીમદાચાર્યચરણે ઉપસંહાર કર્યો છે કે **‘कर्ममार्गे फलं तस्मान्न निरूप्यं हि सर्वथेति’** તેથી કર્મમાર્ગમાં ફલનું નિરૂપણ પણ સર્વથા થઈ શકતું નથી.’ (૨૭૨)

અતઃ પર - આ ઉપરથી સ્વભાવબલનો વિચાર ધ્યાનમાં રાખીને હવે **આચાર્યશ્રી ઉપાસનામાર્ગ**નું ફલ કથે છે :

जायस्वेति म्रियस्वेति तृतीयो य उदाहृतः ।
प्रकीर्णकानां सर्वेषां तत्फलं परिकीर्तितम् ॥ २७३ ॥
ईश्वरालम्बनं योगो जनयित्वा तु तादृशम् ।
बहुजन्मविपाकेन भक्तिं जनयति ध्रुवम् ॥ २७४ ॥
सांख्येऽपि भगवच्चित्ते फलमेतन्न चान्यथा ।
समर्पणात् कर्मणां च भक्तिर्भवति नैष्ठिकी ॥ २७५ ॥
योगेन तु निषिद्धेन यदि देहः प्रसिद्ध्यति ।
तदा कल्पान्तपर्यन्तं भावनातस्तु सत्फलम् ।
अन्यथा नरके पातो दृढभूमौ तु संस्थितिः ॥ २७६ ॥
छलयोगस्तथा सांख्यं शाक्तो मार्गोऽभिधीयते ।
सिद्धान्ताश्च तथा कौला लोकातीतविभेदतः ॥ २७७ ॥
सांख्ये भेदद्वयं तत्र द्वितीयेऽनुग्रहादिकम् ।
आद्ये लोकस्य सन्मानमन्ते तुल्यं तमस्तयोः ॥ २७८ ॥
लोके व्यामोहकं शास्त्रं सप्तानां बोधकः शिवः ।

कलौ जनिष्यमाणानामसुराणां क्षयाय हि ॥ २७९ ॥
वामाः शाक्ताश्च योगे तु प्रकटाप्रकटे भिदा ।
प्रकृतिस्तत्र संराध्या साध्यो योगश्च तुष्टये ॥ २८० ॥
शैवश्च वैष्णवश्चैव उपास्ये भेदकद्वयम् ।
कर्मासक्तास्तु ये तत्र वैदिकाः समुदाहृताः ॥ २८१ ॥
सप्तापि सर्वथा त्याज्या भगवन्मार्गवर्त्तिभिः ।

શબ્દાર્થ : (છાન્દોગ્યોપનિષદ્‌માં પંચાગ્નિની ઉપાસના કહ્યા પછી જ્ઞાનીઓના અર્ચિરાદિમાર્ગ તથા કર્મીઓના ધૂમાદિમાર્ગ કહીને જ્ઞાનિ તથા કર્મિથી વ્યતિરિક્ત જીવોને માટે) **'जायस्व म्रियस्व'** ઈત્યાદિ પદે તૃતીય માર્ગનું નિરૂપણ કર્યું છે. આ તૃતીયમાર્ગરૂપી ફલ કથ્યું છે તે સર્વ પ્રકીર્ણક (ઉપાસનાદિ માર્ગને અનુસરતા પ્રકીર્ણ) જીવોને અર્થે શ્રુતિએ ગાયું છે. (૨૭૩) ઈશ્વરનું આલમ્બન જ યોગમાં કરવામાં આવે છે, તે યોગ, તાદૃશ યોગ્યદેહને ઉત્પન્ન કરી, બહુ જન્મના વિપાક-પરિપાક વડે ભક્તિરૂપી ધ્રુવ-નિયત ફલને ઉત્પન્ન કરે છે. ભગવાનને વિષે ચિત્તનું અનુસન્ધાન કરાવે એવા સાંખ્યમાર્ગમાં પણ આ જ ફલ થાય છે, અન્યથા ફલ થતું નથી. વળી કર્મનું સમર્પણ ભગવાનને કરવાથી (ભગવાનમાં) નિષ્ઠાવાળી ભક્તિ ઉત્પન્ન થાય છે. (પરન્તુ કેવલ સાંખ્યથી, યોગથી કે કર્મસમર્પણથી કંઈ ભગવત્ પ્રાપ્તિરૂપ, ફલ પ્રાપ્ત થતું નથી) (૨૭૪-૨૭૫) હવે **નિષિદ્ધયોગ**નું ફલ કહે છે : **નિષિદ્ધ યો**ગથી જો દેહની **પ્રકૃષ્ટ સિદ્ધિ** થાય છે, તો જ, કલ્પાન્તપર્યન્ત ભાવના કરવાથી અર્થાત્ ભગવાનનું ધ્યાન કરવાથી જ, શુભ ફલ પ્રાપ્ત થાય છે. પરન્તુ દેહ જો **પ્ર**કર્ષે કરીને **સિદ્ધ** થતો નથી, તો **નરક**માં **પાત** થાય છે. જો દૃઢભૂમિને વિષે યોગનો આરમ્ભ સિદ્ધ થાય છે, તો (જન્માન્તરને વિષે પૂર્વવાસનાને લીધે પુનઃ) યોગનું સંસ્મરણ થાય છે, (તથા યોગાભ્યાસ કરવાથી મુક્તિ થાય છે.) (૨૭૬) હવે ૭ પ્રકારના શાક્તમાર્ગનું તથા તેના ફલનું કથન કરે છે : - **છલયોગ** તથા **સાંખ્ય** (એકત્રિત થવાથી) **શાક્તમાર્ગ**, ઉપસ્થિત થાય છે : (૧) **સિદ્ધાન્તો**ના મતમાં લોકની અપેક્ષા છે, તથા (૨) **કૌલ**ના મતમાં લોકની અપેક્ષા નથી એમ લોકની અપેક્ષા વા અનપેક્ષારૂપી વિભેદ કરીને, **સિદ્ધાન્ત** તથા કૌલ એવા બે ભેદ **સાં**ખ્યને વિષે છે. તત્ર દ્વિતીય શાક્તમાર્ગમાં અર્થાત્ **કૌ**લના મતમાં માત્ર **અનુગ્રહનિગ્રહાદિક** નામનું **એક દષ્ટ** જ **ફલ** માન્યું છે. વળી આદ્ય શાક્તમાર્ગમાં એટલે **સિદ્ધાન્ત**મતમાં લોકને વિષે સન્માન પ્રાપ્ત થવારૂપી ફલ મનાય છે. આ ઉભયે **સિદ્ધાન્ત** શાક્તમાર્ગમાં તથા **કૌ**લનામના શાક્તમાર્ગમાં અન્તે તમસ્ વા **નરક**રૂપી સમાન ફલ થાય છે એમ સમજવું. **શા**ક્તમતનું શાસ્ત્ર, લોકને વ્યામોહ કરનારું છે. **શિવે શા**ક્ત મતના સાતે ભેદનો બોધ કર્યો છે. કલિયુગમાં ઉત્પન્ન થનારા આસુર જીવોનો નાશ કરવાને અર્થે, ખરેખર **શિ**વ, એ શાસ્ત્રના (મૂલ) ઉપદેશક થયા છે. યોગમાર્ગને વિષે (૩) **વામ**માર્ગીયો તથા (૪) **શા**ક્તમાર્ગીયોનો ભેદ હોય છે, તેમાં એકની રીતિ પ્રકટ હોય છે, અને બીજાની અપ્રકટ હોય છે એવો એ બન્નેનો પૂર્વવત્ ભેદ સમજવો. તે બન્નેમાં પ્રકૃતિ અર્થાત્ **ત્રિ**પુરસુન્દર્યાદિ શક્તિનું સંસેવન કરવાનું હોય છે, અને **પ્ર**કૃતિને સન્તુષ્ટ કરવાને અર્થે **યોગ સાધવાનો** હોય છે. ઉપાસ્ય માર્ગને વિષે (૫) **શૈવ** તથા (૬) **વૈ**ષ્ણવ - એવા ૨ ભેદ છે. તેમાં પણ જે **શા**ક્તો કર્મમાં આસક્ત હોય છે તેમને (૭) **વૈ**દિક કહેવામાં આવે છે. ભગવન્માર્ગમાં સ્થિતિ કરનારાઓએ એ સાતે શાક્તમાર્ગનો ત્યાગ સર્વથા કરવો જ જોઈએ (૨૭૭-૨૮૧$^{૧}/_{૨}$)

વિવેચન : શંકા - લોકમાં બહુ કર્મઠો પર્યનુયોગ-દૂષણ કરવાને અર્થે જિજ્ઞાસા કરતા હોવાથી કર્મમાર્ગનું ફલ સન્દિગ્ધ થાય અને તેથી કર્મ માર્ગની નિર્બલતા પ્રતિપાદિત થાય તો પણ ઉપાસના માર્ગમાં આ દોષ લાગુ પડતો નથી, કારણ કે **ઉપાસનામાર્ગમાં ફલ નિયત**-નિશ્ચિત કર્યું છે

એટલે **સાત્ત્વિકો દેવોનું** યજન કરે છે - ઈત્યાદિ શ્લોકે જે સ્વભાવતઃ ઉપાસન કહ્યું છે તે કર્મમાર્ગ કરતાં ઉત્તમ છે ? આ **આકાંક્ષા** થાય તો તેનું **સમાધાન** કરે છે કે **ભક્તિમાર્ગ** કરતાં **ઉપાસનામાર્ગ**ની પણ ફલતઃ ઉતરતી કક્ષા છે : **'जायस्वेति'** વેદમાં જ **તૃતીયમાર્ગ** નિરૂપિત કર્યો છે જેમકે છાન્દોગ્યો-પનિષદ્‌માં પંચાગ્નિની ઉપાસના પછી કર્મમાર્ગીયનો ધૂમાદિમાર્ગ તથા જ્ઞાનમાર્ગીયનો અર્ચિરાદિમાર્ગ કથીને તે ઉભયે માર્ગથી અતિરિકત (અલગ) એવો તૃતીયમાર્ગ પ્રકીર્ણક સર્વે જીવોની ઉપાસનાઓના ફલ તરીકે કથ્યો છે, જેમકે **'अथैतयोः पथोर्न कतरेण च तानीमानि क्षुद्राण्यसकृदावर्तीनि भवन्ति । जायस्य म्रियस्वेत्येतत्तृतीयं स्थानम् । (छा.५-१०-८)'** આ ઉભયે માર્ગમાંથી કોઈ પણ માર્ગે જેમની ગતિ થતી નથી તેવા આ ક્ષુદ્ર જીવો વારંવાર પુનરાવર્તન કરે છે તેમને માટે **'જન્મ ધરો તથા મૃત્યુ પામો'** - એવું આ તૃતીયસ્થાન નિર્માણ કર્યું છે. જ્ઞાનિથી તથા કર્મિઓથી વ્યતિરિક્ત એવા સર્વે પ્રકીર્ણક (ઉપાસનામાર્ગીય) જીવોના ફલ તરીકે આ **તૃતીય જ માર્ગ** કહ્યો છે એટલે આ **ઉપાસના** માર્ગનું ફલ પણ ભક્તિમાર્ગીય ફલ કરતાં ઉત્તમ નથી તેથી **ઉપાસનામાર્ગ પણ ઉત્તમ નથી** એમ સમજવું. **શંકા** : 'તે તે દેવતાનું ઉપાસન કર્યાથી તે તે દેવતાનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે એમ પૂર્વે કહેલું હોવાથી અગ્નિહોત્રાદિને ઉપાસનાત્વે કરવામાં આવે તો આના કરતાં પણ ઉત્તમ ફલ થશે ? - આ શંકા થાય તો શ્રીમદાચાર્યચરણ પ્રસંગે સમાધાન કરે છે કે **કર્મમાર્ગે પણ દેવતા પ્રાધાન્યે આ જ ફલ થાય છે.** વેદમાં **'इष्टापूर्तं दत्तमित्युपासते ते धूममभिसम्भवन्ति । (छां.५-१०-६)'** ઈષ્ટાપૂર્તને ઈષ્ટિને તથા આપૂર્તને વાવ કૂવા ખોદાવવા ઈત્યાદિ ધાર્મિક કાર્યને જેઓ દાન તરીકે ઉપાસે છે તેઓ ધૂમમાર્ગે ગતિ કરે છે' - અત્ર કર્મપ્રાધાન્યે જ ધૂમમાર્ગ કહેલો હોવાથી જ્યાં કર્મપ્રાધાન્ય નથી ત્યાં ધૂમમાર્ગ સમ્ભવતો જ નથી. એટલે અગ્નિહોત્રાદિને ઉપાસનત્વે કર્યાથી

ઉત્તમ ફલ થાય છે એમ કહેવું યોગ્ય નથી. (૨૭૨-૨૭૩)

હવે **પ્રસંગે યોગનું તથા સાંખ્યનું** ફલ કથે છે કે **'ईश्वरालम्बनमिति'** ઈશ્વરનું અવલમ્બન કરતો યોગ તો તાદૃશ યોગ્યદેહ ઉત્પન્ન કરીને બહુજન્મના વિપાકે ભક્તિ ઉત્પન્ન કરે છે - એમાં સંશય નથી. **યોગ, સાંખ્ય તથા કર્મ ભગવદિચ્છાએ કરેલા હોઈને (જ) ભક્તિ ઉત્પન્ન કરે છે - એમ અર્થ સમજવો.** આ ભક્તિ ઉત્પન્ન થાય એ સાંખ્ય, યોગ તથા કર્મ સમર્પણનું નિશ્ચિત ફલ છે. સ્વભાવતઃ પ્રસંગ પ્રાપ્ત થયો હોવાથી હવે **યોગનું** તથા **સાંખ્યનું** ફલ કથે છે. 'ભગવાને ગીતામાં યોગ, સાંખ્ય તથા કર્માપણનો પણ ઉપદેશ કર્યો હોવાથી તેમનું ફલતઃ ભક્તિમાર્ગસાથે સામ્ય થશે' - એમ આકાંક્ષા થાય તો સમાધાન કરે છે કે કેવલ (ભક્તિરહિત) યોગ, સાંખ્ય તથા કર્માર્પિણ પણ ભક્તિ કરતાં ઉતરતી કક્ષાનાં છે. તેથી જ ભગવાને **'नैवं पापमवाप्स्यसि । (भ.गी. २-३८)'** આ પ્રકારે તું પાપ પ્રાપ્ત કરશે નહિ' આ વાકયમાં સાંખ્યનું ફલ પાપાભાવ કથ્યું છે. **'कर्मबन्धं प्रहास्यसि। (भ.गी. २-६९)'** કર્મબન્ધને છેદશે' આ વાકયમાં યોગનું ફલ **કર્મબન્ધ ત્યાગ** કથ્યું છે, તથા **'शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः । (भ.गी.९-२८)'** **શુભાશુભ** ફલ ઉત્પન્ન કરનારા કર્મબન્ધોથી તું આ પ્રકારે મુક્ત થશે. આ વાકયમાં કર્મસમર્પણનું ફલ **કર્મબન્ધમોક્ષ** કથ્યું છે. પરન્તુ ભગવાને કંઈ આ **સાંખ્ય, યોગ** તથા **કર્મનું ફલ** સ્વપ્રાપ્તિ અર્થાત્ **ભગવત્પ્રાપ્તિ** કહ્યું **નથી.** એમનું ફલ માત્ર **પાપાભાવ** કથ્યું છે. સાંખ્ય, યોગ, તથા કર્મસમર્પણથી પાપાભાવ સિદ્ધ થઈ નૈષ્ઠિકી **ભક્તિ** ઉત્પન્ન થાય છે. એમ પ્રમાણવાક્યમાં ભક્તિને જ ફલત્વે કથી છે. જેમ કે **(भाग.मा.२-१९)** **'जन्मान्तरसहस्त्रेषु तपोध्यानसमाधिभिः । नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ।'** જન્માન્તર સહસ્ર પર્યન્ત તપોધ્યાન

સમાધિબલે પાપ ક્ષીણ થઈને મનુષ્યોને ભગવાન કૃષ્ણને વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે.' આ સાંખ્ય, યોગ, તથા કર્મસમર્પણથી પાપાભાવ થઈને **નૈષ્ઠિકી ભક્તિ** ઉત્પન્ન થાય એ નિશ્ચિત ફલ છે. આ પ્રકારે પૂર્વોક્ત કર્મોપાસનાદિ કરતાં આ સાંખ્ય યોગાદિની તથા કર્મસમર્પણની ઉત્તમતા જણાવી છે. આ પ્રકારે **સાત્ત્વિક સ્વભાવ**નું બલ કથ્યું. (૨૭૪-૨૭૫)

હવે **રાજસ સ્વભાવ**નું બલ વિચારવા **નિષિદ્ધયોગ**નું ફલ કથે છે :

'અન્યે **નિષિદ્ધયોગાદિમાર્ગો** પ્રમાણાદિની દૃષ્ટિથી હીન છે તથાપિ તેઓ જીવોને અત્યન્ત લોભાવે એવા છે. તેથી અપક્વદશામાં એમને વિષે પ્રવૃત્તિ મા થાઓ એ ઉદ્દેશથી એમનો ત્યાગ કરવો ઘટે છે' એમ જણાવવા હવે આચાર્યશ્રી **નિષિદ્ધયોગમાર્ગાદિનું સ્વરૂપ** તથા **ફલ** કથે છે : **'योगेनत्विति' નિષિદ્ધયોગ** [1]કાપાલિક છે, તથા મહાદેવજીએ ઊર્ધ્વમુખે કહ્યો છે. તેણે કહેલા પ્રકારે જો દેહને પ્રકૃષ્ટ રીતે **સિદ્ધ** કરવામાં આવે, તો જ કલ્પના અન્તકાલપર્યન્ત ભગવાનનું ધ્યાન કરવાથી જ સત્ શુભફલ થાય છે. પ્રથમનું જે અલ્પ નિષિદ્ધ (કર્મ) હોય છે, તે ભગવદ્ધ્યાન વડે નષ્ટ પામે છે. પરન્તુ જો દેહ સિદ્ધ ન થતાં એ દેહ નષ્ટ પામે તો, યોગથી નરકમાં પાત થાય છે. દઢભૂમિ વિષે જો યોગનો આરમ્ભ સિદ્ધ થાય છે, તો તો જન્માન્તરને વિષે પૂર્વવાસનાને લીધે પુનઃ યોગનું સંસ્મરણ થાય છે, અને યોગાભ્યાસ કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. તેથી આ માર્ગ પણ અમુક પક્ષમાં હાનિકારક છે, સર્વથા લાભપ્રદ નથી એમ સિદ્ધ થાય છે. (૨૭૬). (હવે **તામસસ્વભાવ**નું બલ નિશ્ચિત કરવા **શાક્તમાર્ગ**નું ફલ કથે છે :-) હવે શાક્તમાર્ગ તો સર્વથા જ નિષિદ્ધ છે એવા અભિપ્રાયથી કહે છે કે **'छलयोगस्तथा सांख्यमिति'** છલયોગ તથા સાંખ્ય, જે, ધર્મમાર્ગના વિરોધી છે, તેમને એકત્રિત કરીને શાક્તમાર્ગ ઉપસ્થિત કરવામાં આવ્યો છે. એ શાક્તમાર્ગ અમેધ્ય અર્થાત્ યજ્ઞને માટે અયોગ્ય - અપવિત્ર એવા માંસાદિના ભક્ષણથી તથા સુરાપાનાદિથી પોષિત થયો છે. એ શાક્તમાર્ગમાં સપ્ત ભેદ છે : (૧) **વૈદિક**, (૨) **વૈષ્ણવ**, (૩) **શૈવ**, (૪) **શાક્ત**, (૫) **વામ**, (૬) **સિદ્ધાન્ત**, તથા (૭) **કૌલ**. - આ વિના બીજા કોઈ ભેદ નથી એમ તેમનો ગ્રન્થસંગ્રહ કહે છે. તત્ર શાક્તમાર્ગના છેલ્લા બે ભેદનું (૬) સિદ્ધાન્ત તથા (૭) કૌલનું સ્વરૂપ તથા ફલ પ્રતિપાદિત કરે છે કે **'सिद्धान्ताश्च तथा कौला इति' સિદ્ધાન્ત શાક્ત**મત આસુર છે, કારણ કે આ મતમાં 'સર્વ મિથ્યા છે,' 'કર્મનો સર્વથા ત્યાગ કર્તવ્ય છે, કારણ કે તે બાધક છે અને તે જ પ્રમાણે ભક્તિનો પણ

---

[1] **उमापतिभूतपतिः श्रीकण्ठो ब्रह्मणः सुतः । ऊचिवानिदमव्यग्रो ज्ञानं पाशुपतः शिवः ॥** ઉમાપતિ ભૂતપતિ, શ્રીકણ્ઠ તથા બ્રહ્માજીના સુત એવા પાશુપત શિવે અવ્યગ્ર થઈને આ જ્ઞાન કથ્યું છે. આવા મોક્ષધર્મવાક્યાદિથી આ મતની મોક્ષધર્મતા પ્રતિપાદિત કરી છે, તથા ઉપરોક્ત પ્રકારે એ માર્ગનું સોપાયત્વ-હાનિકારકપણું કથ્યું છે. તેથી આ કાપાલિક યોગ **નિષિદ્ધપ્રાયઃ** છે-એમ જાણવું. અત્રોક્ત પાશુપત નામના તન્ત્રે પ્રાયઃ ઘણું કરીને નિષિદ્ધ કાપાલિક યોગનું પ્રતિપાદન કર્યું છે. પશુ-જીવને પાશમાંથી વિમોક્ષ આપવા માટે **अथातः पाशुपतं योगविधिं व्याख्यास्यामः** । હવે પાશુપત યોગવિધિનું વ્યાખ્યાન કરીએ. -ઈત્યાદિ સૂત્રે ૫ અધ્યાયમાં પશુપતિ શિવજીએ તે નિષિદ્ધ કાપાલિક યોગ કથ્યો છે. તે મતમાં (૧) કાર્યરૂપ જીવ પશુ છે; (૨) કારણ પશુપતિ ઈશ્વર છે; (૩) પશુપતિને વિષે ચિત્તનું સમાધાન કરવું એ યોગ છે; (૪) ભસ્મથી ત્રિષવણાદિ કરવું એવો વિધિ નિરૂપિત કર્યો છે; તથા (૫) દુઃખનો અન્ત થાય એ નામનો મોક્ષ થાય એ પ્રયોજન છે. આ પ્રકારે કાર્ય, કારણ યોગ, વિધિ તથા દુઃખાન્ત-આ ૫ અધ્યાય પાશુપતમતના કહ્યા છે. નેપાલમાં મહાદેવ પશુપતિને નામે પીઠસ્થાને બિરાજે છે (જુઓ મહાલિંગેશ્વરતન્ત્ર). શ્રીમદાચાર્યચરણ અત્ર તેનું સ્વરૂપ જણાવે છે **शैवान् पाशुपतान् दृष्ट्वा (स्पृष्ट्वा) लोकायतिकनास्तिकान् । विकर्मस्थान् द्विजान् शूद्रान् सवासा जलमाविशेत् ॥ (ब्रह्माडपुराण; याज्ञ. ३० आशौचप्रकरण. मिताक्षरा)** શૈવ, પાશુપત, લોકાયતિક, નાસ્તિક, વિકર્મસ્થદ્વિજ, તથા શૂદ્રનું દર્શન (સંસ્પર્શન) થાય, તો મનુષ્યે સવસ્ત્ર જલમાં સ્નાન કરવું.' એ પ્રકારે મિતાક્ષરાદિ ધર્મ શાસ્ત્રમાં પ્રાયશ્ચિત કરવાનો ઉપદેશ કર્યો છે. તેથી તથા શ્રીમદ્ભાગવતના ચતુર્થસ્કન્ધસ્થ ઉપાખ્યાનથી આ મતનું નિષિદ્ધત્વ સમજાય છે. અથવા અન્ય કોઈ આ પ્રકારનો નિષિદ્ધમત અત્ર ઉપન્યસ્ત કર્યો છે. એમ શ્રીપુરુષોત્તમજી આવરણભંગમાં કહે છે, મિતાક્ષરાપ્રતનો **स्पृष्ट्वा** પાઠ મનનીય છે. **भैरवादिशाक्ततन्त्र** ।

ત્યાગ કરવો જોઈએ.' એમ કહ્યું છે. આ પ્રકારે શાકતમતના **સાંખ્ય સિધ્ધાન્તા**દિ મતવાળાઓ કેવલ સુપુષ્પિત વાક્ચાતુરીથી લોકોને મોહ પમાડે છે. **સિધ્ધાન્ત** **નામના** શાકતોના મતમાં લોકસંગ્રહ નિયામક છે; પરન્તુ કૌલશાકતોના મતમાં લોકસંગ્રહની અપેક્ષા નથી. એમ ઉભયે શાકત મતનો ભેદ છે. **'पत्नीत्वदीक्षया रण्डाश्चण्डा अपि भजन्ति हि । दिगम्बराश्चर्मचिह्ना सुरामांसपरायणाः ॥ पापरूपा दुराचारास्ते कौलाः परिकीर्तिताः ॥'** કૌલમતવાળાઓ પત્નીત્વની દીક્ષા આપી, ખરેખર, રણ્ડા તથા ચણ્ડા સ્ત્રીને પણ ભજે છે ! તેઓ દિગમ્બર-નગ્ન હોય છે, ચર્મનાં ચિહ્નવાળા હોય છે, (મદિરા) સુરા મદિરાપાન કરવામાં તથા માંસભક્ષણ કરવામાં પરાયણ હોય છે, તેઓ પાપરૂપ હોય છે, તથા દુરાચારી હોય છે ! આવા દુષ્ટ લોકો કૌલમતમાં હોય છે ! એમનું આવું જ વર્ણન ચાલ્યું આવે છે ! તે **કૌલ** લોકોના મતમાં માત્ર એક **અનુગ્રહ નિગ્રહાદિક દષ્ટ ફલ જ** થાય છે. (શાકતમાર્ગની) દુષ્ટ **તામસ** શક્તિનું સેવન કર્યાથી લોકમાં સન્માન પ્રાપ્ત થાય છે -એવું ફલ **સિધ્ધાન્ત**શાકતમાર્ગમાં સ્વીકાર્યું છે. આવા શાકતમતથી લોકને વ્યામોહ થાય છે. આ ૭ પ્રકારના શાકતમાર્ગનું મૂલ શું ? એ શંકા થાય તો કહ્યું છે કે : - **'बोधकः शिव इति'** શિવે આ ૭ પ્રકારના શાકતમાર્ગનો બોધ કર્યો છે. તેનું પ્રયોજન શું ? એ શંકા થાય તો કહ્યું છે કે **'कलाविति'** કલિયુગમાં ઉત્પન્ન થતા આસુરજીવોને એવા માર્ગ પર રુચિ થાય અને એમનો ક્ષય વિનાશ થાય એવા પ્રયોજનથી ખરેખર શિવજીએ આ સાતે શાકતાદિમાર્ગનો ઉપદેશ કર્યો છે. આસુરજીવોની જ એવા માર્ગમાં રુચિ થાય છે અને તેમનો જ નાશ થાય છે એટલે કાંઈ પણ અનુપપત્તિ દોષ પ્રાપ્ત થતો નથી. હવે ચતુર્થ તથા પંચમ મત છે (૫) વામમાર્ગીયોનો તથા (૪) શાકતમાર્ગીયોનો છે તે મત કહે છે કે **'वामाः शाक्ता इति'** એ ઉભયે મતમાં પણ પૂર્વવત્ - પહેલાની માફક એક માર્ગવાળાઓ લોકમાં પ્રકટ (આચરણ કરે) છે, તથા બીજા માર્ગવાળાઓ લોકમાં અપ્રકટ (આચરણ કરે) છે એટલો ભેદ છે. એ મતોમાં **પ્રકૃતિ** અને **ત્રિપુરસુન્દરી** ઈત્યાદિ શક્તિઓ સેવ્ય છે, અને તે શક્તિને **સન્તો**ષવા યોગ સાધવો એવી (તેમની) બુધ્ધિ છે. (૨૭૭-૨૮૦) આમાં જો કોઈનો અનધિકાર થાય તો તે જીવ (૩) **શૈ**વ વા (૨) **વૈ**ષ્ણવ થાય. શાકતમાર્ગમાં શક્તિના પાદત્વે શિવની તથા વિષ્ણુની ગણના પંચ પ્રેત મધ્યે કરી છે. **'ब्रह्मा विष्णुश्च रुद्रश्च ईश्वरश्च सदाशिवः । एते पञ्च महाप्रेताः पादमूले व्यवस्थिताः ।'** **બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર તથા સદા**શિવ આ ૫ **મહાપ્રેતો** છે તથા **શક્તિના પાદમૂલમાં** સારી રીતે સ્થિત થયા છે એમ **શાકત** લોકો માને છે. 'શબ્દમાત્રથી કંઈ પણ દૂષણ પ્રાપ્ત થતું નથી, કારણ કે પદાર્થ તો અન્ય જ છે. તેથી ભૂતાદિ ઉપરથી જ **વિષ્ણુ શિવ** ઈત્યાદિ, નામ ધારણ કરીને તે પ્રકારે એ લોકો ભૂતની જ ઉપાસના કરે છે.' આ પ્રકારનો તેમનો નિર્ણય છે. હવે શક્તિમતમાં (૧) વૈદિકશાકતોનું લક્ષણ કથે છે કે **'कर्मासक्तास्त्विति'** જેઓ કર્મમાં આસકત હોય તેમને વૈદિક જાણવા-એવું લક્ષણ તેઓ વૈદિકોનું આપે છે. એ **શા**કતમાર્ગના વૈદિકો, લોકના સન્માનને અર્થે તથા લોકસંગ્રહને અર્થે કર્મ કરે છે. એમના સેવકો પણ તેવા જ હોય છે. આ નિરૂપણ કરવાનું પ્રયોજન શું ? એ શંકા થાય તો કહે છે કે **'सप्तापि सर्वथा त्याज्या इति'** 'મહાપાતકીનો સંસર્ગ થાય તો પણ મહાપાતકિપણું પ્રાપ્ત થાય છે' એવા પ્રમાણવાક્યનું શ્રવણ થાય છે, તેથી ભગવન્માર્ગે સ્થિતિ કરનારા જીવોએ અવશ્ય એ સાતે નિષિધ્ધ શાકતમાર્ગનો પણ સર્વથા ત્યાગ કરવો[1] (૨૮૧ $^{૧}/_{૨}$) આ પ્રકારે **નિષિધ્ધ શાકતોના મતને** નિરૂપિત કરીને **બૌધ્ધોનો** તથા અન્ય **પ્રચ્છન્ન** વેદવિરોધિઓના સમ્બન્ધને પણ ત્યાગ કરાવવાને અર્થે

---

[1] - ત્યાગપ્રસંગથી આવરણભંગમાં શ્રીપુરુષોત્તમજી અવાન્તર ૬૪ તન્ત્રનો ઉલ્લેખ કરે છે : (૧) મહામાયા શમ્બર તન્ત્રઃ આ તન્ત્ર ઐન્દ્રજાલિક વિદ્યા છે કે જેમાં અન્ય પદાર્થમાં અન્યથા પ્રતિભાન થાય એવા માયાપ્રંપચ રચવાના ઉપાય પ્રતિપાદિત કર્યા છે; (૨) યોગિની

આચાર્યશ્રી તેમનું નિરૂપણ પણ કરે છે :-

જાલ શમ્બરતન્ત્રે માયાયોગિનીજાલનું દર્શન કેમ કરવું તેના ઉપાય કથ્યા છે; (૩) તત્ત્વશમ્બર-આ તન્ત્ર ઇંદ્રજાલવિદ્યાવિશેષ છે કે જે પૃથિવ્યાદિતત્ત્વોનું એક સ્થલેથી બીજે સ્થળે કેમ ભાન કરાવવું તેના ઉપાય કહે છે. (૪) સિદ્ધિભૈરવતન્ત્ર, (૫) માયિક ભૈરવતન્ત્ર, (૬) કંગાલભૈરવ તન્ત્ર, (૭) કાલાગ્નિભૈરવ તન્ત્ર, (૮) શાક્તભૈરવ તન્ત્ર, (૯) યોગિભૈરવ તન્ત્ર, (૧૦) મહાભૈરવ તન્ત્ર, (૧૧) ભૈરવનાથ તન્ત્ર - આ તન્ત્ર ભૈરવાષ્ટક કાપાલિકમતનું પ્રપિાતદન કરે છે, (૧૨) બહુરૂપાષ્ટકતન્ત્રગણ-આ તન્ત્ર તે છે કે જે બહુરૂપશક્તિનું પ્રતિપાદન કરે છે જેમકે બ્રાહ્મી તન્ત્ર, (૧૩) માહેશ્વરી તન્ત્ર, (૧૪) કૌમારી તન્ત્ર, (૧૫) વૈષ્ણવી તન્ત્ર, (૧૬) વારાહીતન્ત્ર, (૧૭) ઈન્દ્રાણીતન્ત્ર, (૧૮) ચામુણ્ડાતન્ત્ર, (૧૯) શિવદૂતતન્ત્ર, (૨૦-૨૭) યામલાદિ તન્ત્ર કે જે યામલા નામની સિદ્ધ અંબાનું પ્રતિપાદન કરે છે, શાક્તતન્ત્રત્વે ૬૪ તન્ત્રોને પણ યામલ તન્ત્ર કહ્યા છે, (૨૮) ચન્દ્રજ્ઞાનતન્ત્ર કામૈશ્વર્યાદિ ૧૬ નિત્યાનું પ્રતિપાદન કરે છે. ‘નિત્યા’ એ તિથિનું નામ છે, આ તન્ત્ર કાપાલિક મતનું દર્શન કરાવે છે, (૨૯) માલિની તન્ત્ર સમુદ્ર ઉપર સફર કરવાનો ઉપાય જણાવે છે; (૩૦) મહાસંમોહન તન્ત્ર જાગ્રદવસ્થાના જીવોને પણ નિદ્રા પામેલા કેમ જણાવવા તેના ઉપાયો જણાવે છે, (૩૧) વામજુષ્ટવામકેશ્વરતન્ત્ર-ચતુઃશતી, (૩૨) મહાદેવતન્ત્ર બટુકાદિસિદ્ધિકુલાચાર પ્રદર્શિત કરે છે, (૩૩) વાતુલ, (૩૪) વાતુલોત્તર, તથા ૩૫ કામિક- આ ત્રણ તન્ત્ર ક્ષેત્ર કર્ષણાદિનો વિધિ પ્રતિપાદિત કરે છે, (૩૬) હૃદભેદ તન્ત્ર કાપાલિકોનો આચાર પ્રદર્શિત કરે છે, (૩૭-૩૮) તન્ત્ર ભેદમાં ગુહ્યતન્ત્રમાં પ્રકાશના, વા રહસ્યના વા બીજાએ કરેલા મન્ત્રના પ્રયોગોને હઠાવવાના ઉપાયો દર્શાવ્યા છે, (૩૯) કલાવાદ-કામશાસ્ત્ર વાત્સ્યાયનાદિ મત જણાવે છે, (૪૦) કલાસાર રૂપાદિ વૃદ્ધિના ઉપાય પ્રતિપાદિત કરે છે, (૪૧) કુણ્ડિકા મત ગુટિકાસિદ્ધિનું પ્રદર્શન કરે છે, ગુટિકા=પાનપાત્ર, (૪૨) મતોત્તર તન્ત્ર રસસિદ્ધિનો પ્રકાશ કરે છે, (૪૩) વીણા તન્ત્ર વીણાનામની યોગિની અથવા જેનું બીજું નામ સંભોગયક્ષિણી છે તે વીણાને કેમ સાધવી તેના ઉપાય આ તન્ત્ર પ્રદર્શિત કરે છે, (૪૪) ત્રોલ તન્ત્ર ગુટિકાંજન પાદુકાસિદ્ધિ પ્રાપ્ત કરાવે છે, (૪૫) પ્રોતલોત્તરતન્ત્ર ૬૪ સહસ્ર યોગિનીઓનાં દર્શન કેમ કરવા તેના ઉપાય પ્રદર્શિત કરે છે, (૪૬) પંચામૃત આ એક કાપાલિક તન્ત્ર છે કે જે પૃથિવ્યાદિપંચભૂતોને એવા તો સાધી આપે ઠે કે જેથી મરણ જ ન થાય એ પ્રકારના ઉપાયનું પ્રતિપાદન કરે છે, (૪૭-૫૧) રૂપભેદાદિપંચતન્ત્ર ઉચ્ચાટનાદિનું પ્રતિપાદન કરે છે, (૫૨-૫૬) સર્વજ્ઞાનાદિ પંચતન્ત્ર કાપાલિક સિદ્ધાન્તૈકદેશિ દિગમ્બર મતના આચાર પ્રદર્શિત કરે છે, (૫૭-૬૪) પૂર્વતન્ત્રાદિ દેવી મતપર્યન્ત તન્ત્રાષ્ટકમાં દિગમ્બરૈકદેશિક્ષપણકમતના આચાર પ્રદર્શિત કર્યા છે. આ ૬૪ તન્ત્ર ત્યાગાર્થે જણાવ્યા છે. આ પ્રકારે યાવન્માત્ર વેદ વિરોધિઓ પાષણ્ડિ છે એમ ઉદ્‌ઘોષ કરી આચાર્યશ્રી વેદમાર્ગ વિષે પોતાની દઢનિષ્ઠા જણાવે છે.)

बौद्धाश्चतुर्विधा पूर्वमन्तरानन्तमार्गिणः ॥ २८२ ॥
तेषां बृहस्पतिमुखाः कर्तारो हरिरद्य तु ।
कृष्णसंगोपनार्थाय स्वयमेव जगाद ह ॥ २८३ ॥
वेदमार्गविरोधेन येषां करणमण्वपि ।
ते हि पाषण्डिनो ज्ञेयाः शास्त्रार्थत्वेन वेषिणः ॥ २८४ ॥
सर्वेषां नरके वासस्तमोऽर्वाक्प्रतिपादके ।
नरकात् पुनरावृत्तौ नानायोनिषु सम्भवः ॥ २८५ ॥

શબ્દાર્થ : બૌદ્ધ મતને અનુસરનારાઓ પૂર્વથી ચાર પ્રકારના છે. પરન્તુ તેમાં અવાન્તર ભેદ અનેક હોય છે એટલે બૌદ્ધમતમાં અનન્ત અવાન્તરશાખાના અનુયાયીઓ હોય છે. તે બૌદ્ધમતનાં શાસ્ત્ર રચનારાઓમાં **બૃહસ્પતિ** મુખ્ય છે. સામ્પ્રત સમયમાં **હરિ**એ પોતે જ, **બુદ્ધાવતાર**રૂપે, **કૃષ્ણ**નું સંગોપન કરવાને અર્થે (કૃષ્ણરૂપી પરમતત્ત્વનું લોકમાંથી તિરોધાન કરવાને અર્થે), વેદની નિન્દા કરે એવા બૌદ્ધમતનાં શાસ્ત્ર કથ્યા છે (૨૮૨-૮૩) આચાર્યશ્રી સામાન્યતઃ પાષણ્ડમતનું લક્ષણ આપે છે : ‘જે લોકોની કૃતિ વેદમાર્ગની સાથે સ્વલ્પ પણ વિરોધ ધરાવે છે, તેમને ખરેખર પાખણ્ડી જાણવા !’ અર્થાત્ તેઓ શાસ્ત્રાર્થ કરવાનો આડમ્બર કરીને, અલૌકિક વેષ ધારણ કરી, લોકોને વ્યામોહ કરવા સ્થિતિ કરે છે એમ સમજવું. (૨૮૪) એ સર્વ લોકોને ફલ તરીકે **નરક**વાસ પ્રાપ્ત થાય છે. તેમાં પણ જે લોકો વેદવિરુદ્ધ શાસ્ત્રાર્થનું નિરૂપણ કરી એવા વિમાર્ગને વિષે પ્રવૃત્તિ કરનારા હોય છે, તેમને તો તમસ્‌માં અર્થાત્ અન્ધકારમાં નીચે મસ્તકે સ્થિતિ કરવી પડે છે. નરકને પ્રાપ્ત થયેલાઓની તો પુનરાવૃત્તિ પણ થાય અને તેમનો શૂકરાદિ નાના પ્રકારની યોનિમાં જન્મ પણ થાય, પરન્તુ તમસ્‌માં પ્રવેશ કરનારાઓને તો તેમ પણ થતું નથી (૨૮૫).

વિવેચન : - **‘बौद्धाश्चतुर्विधा इति’** બૌદ્ધમતમાં મુખ્યત્વે કરીને ૪ પ્રકાર હોય છે :- **માધ્યમિક**, **સૌત્રાન્તિક**, **વિજ્ઞાનવાદી**, તથા **ચાર્વાક**. તેમના અવાન્તર ભેદો કોટિશઃ હોય છે. તેમાંના મૂલભૂત કોણ છે ? તો કહે છે કે **‘तेषां बृहस्पतिमुखाः कर्तार इति’** તેમના બૃહસ્પતિ ઈત્યાદિ અગ્રેસરોએ એ મતનો પ્રચાર કર્યો છે. **બૃહસ્પતિએ** લોકાયત શાસ્ત્ર પ્રણીત કર્યું. તે જ પ્રકારે અન્ય લોકોએ પણ શુક્રાચાર્યની માયાથી મોહિત થઈને બીજા બાહ્ય મતના ગ્રન્થો રચ્યા છે. સામ્પ્રત સમયમાં ભગવાને પોતે જ બુદ્ધાવતાર ધારણ કરી, કૃષ્ણરૂપી પરમતત્ત્વનું લોકમાંથી તિરોધાન કરી, આસુરજીવોને મોહિત કરવાને અર્થે સાક્ષાત્ વેદની નિન્દા કરે એવા લક્ષણવાળા બાહ્યમતના શાસ્ત્રો રચ્યાં છે. દૈવી-સજ્જીવોએ એવા બાહ્યમતનો ત્યાગ કરવો. અતઃ - આ ઉદ્દેશથી સામાન્યપ્રકારે આચાર્યશ્રી પાષણ્ડમતનું લક્ષણ આપે છે કે **‘वेदमार्गविरोधेनेति’** વેદમાર્ગનો સ્વલ્પ અણુમાત્રપણ વિરોધ ધરાવે એવી જેમની કૃતિ હોય તેમને પાષણ્ડી જાણવા. અલૌકિક વેષ સમ્પાદિત કરીને તેઓ લોકને વ્યામોહ કરવાને અર્થે સ્થિતિ કરે છે એમ જાણવું. ‘તેમને ફલ શું પ્રાપ્ત થાય છે ?’ એ શંકા થાય તો શ્રીમદાચાર્યચરણ કહે છે કે **‘सर्वेषां नरके वास इति’** એવા વેદવિરુદ્ધ શાસ્ત્રાર્થ નિરૂપણ કરી જે વાદીલોકો અન્ય લોકોને મોહ પમાડે છે તે સર્વેનો નરકમાં વાસ થાય છે. તેમની અન્ધંતમસ્‌ને વિષે અધોગતિ થાય છે. તથા તેમના અનુયાયીઓને નરકવાસ થયા પછી શૂકરાદિ હીનયોનિમાં જન્મ ધરવો પડે છે.

શ્રીપુરુષોત્તમજીએ આવરણભંગમાં ષટ્પ્રકારના પ્રસિદ્ધ બાહ્યપ્રસ્થાનનો ઉલ્લેખ કર્યો છે :- **‘माध्यमिकाः शून्यवादप्रस्थाना । ज्ञानाकारानुमेयक्षणिकबाह्यार्थवादप्रस्थानाः सौत्रान्तिकाः । क्षणिकविज्ञानवादप्रस्थानाः विज्ञानवादिनः । त एव योगाचारा इत्युच्यन्ते । प्रत्यक्षस्वलक्षणक्षणिकबाह्यार्थवादप्रस्थाना वैभाषिकास्ते एवार्हताः स्याद्वादिनश्चोच्यन्ते । तेऽप्येष्वेवान्तर्भवन्ति । देहात्मवादप्रस्थानाश्चार्वाकाः । ते एव लोकायतिकाः। देहातिरिक्तदेहपरिमाणात्मवादप्रस्थाना दिगम्बराः । ते चार्वाकस्यैकदेशिनः ।’** (૧) માધ્યમિક બૌદ્ધો શૂન્યવાદી હોય છે. (૨) સૌત્રાન્તિક બૌદ્ધ મતમાં બાહ્યપદાર્થ ક્ષણિક છે. (૩) વિજ્ઞાનવાદિ બૌદ્ધો ક્ષણિક વિજ્ઞાનવાદ માને છે. તેઓ જ યોગાચાર કહેવાય છે, (૪) વૈભાષિક બૌદ્ધો પ્રત્યક્ષ સ્વલક્ષણક્ષણિક બાહ્યાર્થવાદ માને છે. આ વૈભાષિક બૌદ્ધોને જ આર્હત તથા સ્યાદ્‌વાદી સમજવા. તે સ્યાદ્વાદીનો સમાવેશ બૌદ્ધમાં જ થાય છે. (૫) ચાર્વાકો દેહને જ આત્મા માને છે. તેમને જ લોકાયતિક કહેલા છે. (૬) દેહથી અતિરિકત એવો દેહપરિમાણવાળો આત્મા દિગમ્બરો માને છે. આ દિગમ્બર-જૈનો ચાર્વાક મતના એકદેશી છે. આ સર્વ મતના શાસ્ત્ર રચનારાઓની બુદ્ધિ માયાથી મોહિત થયેલી હોવાથી, એ મતો અપ્રમાણ છે. છતાં આ શાસ્ત્રો ઋષિપ્રણીત-ઋષિઓએ રચેલા હોવાથી એમાં લોકોની પ્રવૃત્તિ તો થાય જ છે, પરન્તુ ઋષિઓએ આસુરજીવોને મોહ પમાડવાને અર્થે જ આ સર્વે બાહ્યમતનાં શાસ્ત્ર રચ્યાં છે. અને તેથી તે તે અધિકારી જીવોની જ તે તે માર્ગમાં અભિરુચિ થાય છે એમ સમજવું. આ પ્રસિદ્ધ બાહ્યાદિ પાષણ્ડમતનો દૈવી સજ્જીવોએ ત્યાગ કરવો એટલું જ નહિ પરન્તુ જે અપ્રસિદ્ધ પાષણ્ડમત હોય અર્થાત્ ‘અમે વૈદિકમતને અનુસરી શાસ્ત્રાર્થ કરીએ છીએ’ એમ કહે, છતાં જેઓ લોકમાં વેદમાર્ગથી વિરુદ્ધ ઉપદેશ તથા આચરણ કરે - એવા અલૌકિક વેષવાળા પાષણ્ડી ઉપદેશકોથી પણ સાવધાન રહેવું. આ પ્રકારે દૈવી સજ્જીવોને પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ પાષણ્ડમતનો ત્યાગ કરાવવાને અર્થે શ્રીમદાચાર્યચરણ પાષણ્ડમત કોને કહેવો તેનું લક્ષણ આપે છે કે ‘ઉપદેશમાં તથા આચારમાં વેદથી અણુમાત્ર

પણ વિરોધ થાય તો પાષણ્ડિત્વ પ્રાપ્ત થાય છે.'આથી પ્રચ્છન્ન વા અપ્રચ્છન્ન વેદવિરોધિઓના સંસર્ગથી દૈવી જીવે ભ્રાન્ત ન થતાં દૂર રહેવું. (૨૮૨-૨૮૫).

આ પ્રકારે નિષિદ્ધમાર્ગોને અનુસરવાથી ફલત્વે-ફલ તરિકે દુઃખ થાય છે એમ કથ્યું. તો પછી દુઃખ કોને કહેવું ? એમ આકાંક્ષા થાય તો હવે આચાર્યશ્રી વલ્લભાચાર્યજી દુઃખનાં, દુઃખાભાવનાં તથા સુખનાં સ્વરૂપ, લક્ષણ, પ્રકાર તથા સ્થાન કહે છે :-

आनन्दस्य तिरोभावः सर्वथा दुःखमुच्यते ।
तस्य स्थानं तु सर्वत्र, यमलोको विशेषतः ॥ २८६ ॥
शुद्धं तमो दुःखरूपं सहजासुरसंश्रयम् ।
सर्वत्र नरकश्चैव तमश्चेति त्रिधा तु तत् ॥ २८७ ॥
सर्वत्र, स्वर्गलोकश्च वासुदेवस्त्रिधा सुखम् ।

શબ્દાર્થ : 'આનન્દનો સર્વદા **તિરોભાવ દુઃખ** કહેવાય છે. તેનું સ્થાન તો સર્વત્ર **જગત્**ને વિષે હોય છે, પરન્તુ વિશેષ કરીને યમલોકમાં હોય છે. શુદ્ધ તમસ્, દુઃખરૂપ હોય છે, તથા **આસુર** જીવોનો સહજ આશ્રય કરીને રહે છે. આ પ્રકારે દુઃખ ત્રણ પ્રકારે પ્રકટ હોય છે; (૧) સર્વત્ર (જગત્માં) જે દુઃખ હોય છે તે; (૨) (યમલોક) નરક; તથા (૩) શુદ્ધ તમસ્. **સુખ** પણ ત્રિવિધ પ્રકારે પ્રકટ થાય છે. (૧) સર્વત્ર (**જગત્**માં) જે **સુખ** હોય છે તે; (૨) **સ્વર્ગ**લોક**નું સુખ**; તથા (૩) **વાસુદેવ - બ્રહ્માનન્દનું સુખ** -એમ **સુખ** પણ ત્રણ પ્રકારે પ્રકટ હોય છે. (૨૮૬-૨૮૭)

વિવેચન : 'आनन्दस्य तिरोभाव इति' '(સ્વરૂપાત્મક) આનન્દનો સર્વથા તિરોભાવ' દુઃખ કહેવાય છે. આનન્દનો સ્વલ્પ તિરોભાવ થાય, ત્યારે પદાર્થાન્તરત્વ થાય છે તે અગ્રે કહેવામાં આવશે. આનન્દનો સર્વથા તિરોભાવ થાય, ત્યારે દુઃખ થાય છે, કારણ કે દુઃખ અનિર્વૃતિરૂપ છે. જો એમ ન હોય તો સત્, ચિત્ તથા આનન્દથી અતિરક્તિ (ભિન્ન) પદાર્થ તો કોઈ છે નહિ, તો પછી **દુઃખ** કયો પદાર્થ થઈ શકે ? - તે કહી શકાતું નથી. તેથી **આનન્દનો સર્વથા તિરોભાવ થાય** તેને જ **દુઃખ** સમજવું.

શંકા : 'આત્માને પ્રતિકૂલ બુદ્ધિથી જેનું જ્ઞાન થાય તે દુઃખ' - એવું દુઃખનું લક્ષણ હોવાથી તદતિરિક્ત જ - આનન્દતિરોભાવથી પૃથક્ જ દુઃખ પદાર્થ હોવો જોઈએ' આ શંકાનું સમાધાન કર્યું છે કે તમે વાદી જે દુઃખનું લક્ષણ આપો છો તે લક્ષણ દુઃખને આનન્દનો સર્વથા તિરોભાવ માનીએ, તો જ ઘટી શકે છે. **આત્માને પ્રતિકૂલ ભગવદ્વૈમુખ્ય જ છે**- અર્થાત્ ભગવાનથી વિમુખ થવું એ જ આત્માને પ્રતિકૂલ હોય છે અને એ ભગવદ્વૈમુખ્યથી જ આનન્દનો તિરોભાવ થઈને દુઃખ થાય છે તેથી વાદી માને છે એ પ્રકારે પણ દુઃખ **આનન્દતિરોભાવથી પૃથક્ નથી.** આ પ્રકારે દુઃખસ્વરૂપ નિરૂપિત કરીને દુઃ**ખાભાવનું** અર્થાત્ ઈષત્ - સ્વલ્પ આનન્દતિરોભાવનું સ્વરૂપ કહે છે-

'આનન્દનો ઈષત્ સ્વલ્પ તિરોભાવ થાય તે **દુઃખાભાવ**' કહેવાય છે; 'આનન્દનો સર્વથા ઉદ્ભવ થાય તે સુખ' કહેવાય છે. આ પ્રકારે **'દુઃખ'**નો, **'દુઃખાભાવ'** નો તથા **'સુખ'** નો વિવેક જાણવો. આ પ્રકારે 'દુઃખ' નું તથા 'સુખ' નું નિરૂપણ કર્યું. હવે ઉભયે **'સુખ'** તથા **'દુઃખ'** અમુક દેશવિશેષમાં નિયત-નિશ્ચત થયેલા છે એમ જણાવવા આચાર્યશ્રી કહે છે કે **'तस्य स्थानमिति'** 'તે દુઃખનું સ્થાન તો (જગત્માં) સર્વત્ર છે અને વિશેષતઃ યમલોકને વિષે છે' જગત્ને વિષે ભગવાન્ સ્વલ્પ

તિરોહિત હોય છે. (**ભગવાન્** જગતમાં **ધર્મ**રૂપ **સુખા**કારે પ્રકટ હોય છે, પરન્તુ સ્વરૂપાત્મક સુખાકારે ઈષત્ સ્વલ્પ અપ્રકટ હોય છે આ પ્રકારે) (૧) ભગવાન્ **સર્વત્ર જગત્**માં ઈષત્ તિરોહિત રહે છે તે કારણથી સર્વત્ર (જગત્‌ને વિષે દ્વન્દ્વાત્મક) દુઃખ હોય છે. (૨) **યમ**લોકને વિષે સર્વથા આનન્દનો તિરોભાવ હોય છે, કારણ કે તે સ્થાન પ્રાણિને ઉપદ્રવકારક હોય છે, અને તેથી જ સર્વાત્મા પરમદયાલુ ભગવાન ત્યાં વિશેષે કરીને તિરોહિત રહે છે. (૩) **શુદ્ધ તમ**સને વિષે તો દૈત્યોનો નિવાસ હોવાથી સર્વથા ત્યાં ભગવાનનો તિરોભાવ હોય છે.

યમલોકમાં તો **સ્વ**રૂપાત્મક **સુખા**કારનો સર્વથા તિરોભાવ હોય છે, અને **ધર્મ**રૂપ **સુખા**કારે પણ **ભગવાન સ્વલ્પ જ પ્રકટ** હોય છે. **નારકીય** નિર્વૃતિરૂપે - **નરક**સમ્બન્ધિ **સુખ**રૂપે **ભ**ગવાન **નરકમાં** પણ **સ્વલ્પ** જ **પ્રકટ** હોય છે. તેથી તે **યમ**લોકમાં તથા **નરક**માં દુઃખનું આધિક્ય હોય છે.

શુદ્ધ તમસ્‌ને વિષે તો ભગવાન સ્વરૂપાત્મક સુખાકારે વા **ધર્મ**રૂપ સુખાકારે એમ એક પણ રૂપે પ્રકટ થતા નથી. ત્યાં પોતે સર્વથા જ તિરોભૂત રહે છે, એટલે ત્યાં જગત, યમલોક, તથા નરક કરતાં પણ અધિક દુઃખ હોય જ -એમાં સંશય નથી. જેમ છાયા, તમસ. તથા અન્ધતમસ વિષે ઉત્તરોત્તર અધિકને અધિક અન્ધકાર હોય છે. તેમ જગત્, યમલોક, તથા શુદ્ધતમસ્ એ ત્રણને વિષે પણ ઉત્તરોત્તર દુઃખનું બાહુલ્ય હોય છે. (૨૮૬-૮૭) આ પ્રકારે શ્રીમદાચાર્યચરણ દુઃખનું વૈવિધ્ય ઉપપાદિત કરીને અનુવદે છે કે **'सर्वत्रेति'** સર્વત્ર (જગત્‌ને વિષે) જે દુઃખ હોય છે તે દુઃખ, નરકદુઃખ, તથા તમસ્-એમ ત્રણ પ્રકારનું દુઃખ હોય છે. તે જ પ્રકારે સુખ પણ ત્રણ પ્રકારનું છે એમ જણાવવા ઉપપાદન કર્યું છે કે **'सर्वत्रेति'** સર્વત્ર જગત્‌ને વિષેનું સુખ, સ્વર્ગલોકનું સુખ, તથા બ્રહ્માનન્દ- એમ સુખ પણ ત્રણ પ્રકારનું હોય છે. સ્વલ્પ અનુપદ્રવ હોય

તો ધર્મરૂપ સુખનો સ્વલ્પ આવિર્ભાવ થાય, અત્યન્ત અનુપદ્રવ હોય તો ધર્મરૂપ સુખનો આવિર્ભાવ થાય, તથા સર્વથા અનુપદ્રવ હોય તો ધર્મરૂપ સુખનો સર્વથા આવિર્ભાવ થાય એમ જાણવું. આ પ્રકારે સુખમાં પણ ત્રૈવિધ્ય જાણવું. અત્ર (૧) સ્વરૂપાત્મક સચ્ચિદાનન્દ સુખ તથા (૨) ધર્માત્મક સચ્ચિદાનન્દ સુખનો ભેદ પણ જાણવો ઘટે છે. તત્ર આ આશય છે :- **'सत्, चित्** તથા **'आनन्द'** દ્વિવિધ છે :-

સચ્ચિદાનન્દ


(૧) સ્વરૂપાત્મક સચ્ચિદાનન્દ
૧. આધિદૈવિકરૂપ
૨. આધ્યાત્મિકરૂપ
૩. આધિભૌતિકરૂપ
ભગવાન પુરુષોત્તમ
અક્ષર પુરુષ
ક્ષર પ્રથમ પુરુષ

આ ભગવાન પુરુષોત્તમના સ્વરૂપાત્મક આધિદૈવિક આનન્દ આગળ અન્ય સર્વ આનન્દ તુચ્છ છે. આ રસરૂપ પુરુષોત્તમનો આનન્દ પૂર્ણાનન્દ છે.


(૨) ધર્માત્મક સચ્ચિદાનન્દ
૧. આધિદૈવિક
૨. આધ્યાત્મિક
૩. આધિભૌતિક
લીલાપરિકર
વૈકુણ્ઠાદિ પરિકર
સદંશાત્મક
ચિદંશાત્મક
આનન્દાંશ
૨૮ તત્ત્વ
તત્ત્વનિષ્ઠજ્ઞાન
તત્ત્વનિષ્ઠ સુખ

આ તત્ત્વનિષ્ઠ એવું જે સુખ છે તે અલૌકિક પુરુષોત્તમના આનન્દ કરતાં અતિહીન કક્ષાનું છે.

સ્વરૂપાત્મક આધિદૈવિક તથા **આધ્યાત્મિક આનન્દનો** ઈષત્ (સ્વલ્પ) તિરોભાવ થાય એને જ **દુઃખાભાવ** સમજવો. એને જ મોક્ષ કહે છે. વૈદિક યજ્ઞાદિનું ફલ પણ એ આનન્દનો ઈષત્ (સ્વલ્પ) તિરોભાવ થાય એને જ દુઃખાભાવ સમજવો. એને જ મોક્ષ કહે છે. સ્વરૂપાત્મક આનન્દનો ઉદ્ભવ-ઉદ્‌ગમ થાય તેને જ (અલૌકિક પરમ) સુખ કહે છે. ધર્માત્મક તત્ત્વનિષ્ઠ આધિભૌતિક આનન્દનો ઈષત્ સ્વલ્પ તિરોભાવ થાય તેને લૌકિક દુઃખાભાવ કહે છે, અને એ જ આનન્દનો સર્વથા ઉદ્‌ગમ થાય તેને લૌકિક સુખ કહે છે. આ પ્રકારે લૌકિક સુખ તેમજ દુઃખાભાવ, ઉપરોક્ત અલૌકિક સુખથી તથા દુઃખાભાવથી અતિહીન છે. ભગવાન પોતે જ પોતાના સ્વરૂપાત્મક તેમજ ધર્માત્મક આનન્દાદિ ધર્મના આવિર્ભાવ તિરોભાવ કરી લૌકિક સુખ, દુઃખ વા દુઃખાભાવ પ્રકટ કરે છે. જગતના સુખમાં ધર્માત્મક આનન્દનો ઈષત્ સ્વલ્પ આવિર્ભાવ હોય છે. સ્વર્ગલોકના સુખમાં એ જ આવિર્ભાવ અધિક પ્રમાણમાં હોય છે, અને બ્રહ્માનન્દમાં એ જ સુખનો સર્વથા આવિર્ભાવ હોય છે. (૨૮૮$^{૧}/_{૨}$)

હવે શ્રીમદાચાર્યચરણ ઈચ્છા, કામ, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ, મદ, તથા માત્સર્ય ઈત્યાદિનું સ્વરૂપ કથે છે :

सुखधर्मस्तथेच्छा स्यात् किञ्चिदुद्गम एव सः ।। २८८ ।।
सर्वथा ह्युद्गमः कामो धर्मिणस्तु सुखं स्मृतम् ।
द्वेषक्रोधस्तथा दुःखं पूर्ववद् दुःखधर्मतः ।। २८९ ।।
लोभोऽतिकिञ्चिदुद्भेदो धर्मयोः सुखदुःखयोः ।
मोहस्तु द्विविधः प्रोक्तो धर्मवत् सुखदुःखयोः ।। २९० ।।
मदे सुखसमुद्भेदो मात्सर्येऽन्यस्य केवलः ।

अन्येषां सर्वधर्माणां तद्धर्मोद्गम एव च ।। २९१ ।।

શબ્દાર્થ : વળી ઈચ્છા તથા કામ - આ બન્ને સુખના ધર્મ હોય છે. જ્યારે સુખનો ધર્મ અર્થાત્ આકાર સ્વલ્પ પ્રકટ થાય, ત્યારે ‘ઈચ્છા થઈ’ એમ કહેવાય છે; પરન્તુ જ્યારે સુખનો ધર્મ અર્થાત્ આકાર સર્વથા બહુ પ્રકટ થાય, ત્યારે ‘કામ થયો’ એમ કહેવાય છે. પરન્તુ જ્યારે સુખરૂપી ધર્મીનું પ્રાકટ્ય થાય છે, ત્યારે ‘સુખ થયું’ એમ કહેવાય છે. તેવી જ રીતે જ્યારે દુઃખનો આકાર કંઈક પ્રકટ થાય ત્યારે ‘દ્વેષ થયો’ એમ કહેવામાં આવે છે; પરન્તુ દુઃખનો આકાર જ્યારે બહુ પ્રકટ થાય ત્યારે ક્રોધ થયો એમ કહેવામાં આવે છે. (માનસ આનન્દનો તિરોભાવ થાય અને જે પ્રતિકૂલ બુદ્ધિથી અનુભવાય તેવા) ધર્મીને દુઃખ કહેવામાં આવે છે. સુખ તથા દુઃખરૂપી ઉભયે ધર્મનો (એક સાથે) જે કાંઈક ઉદ્‌ગમ થાય તેને લોભ કહેલો છે. એક જ રાગરૂપ મૂલમાંથી ધર્મયુક્ત સુખદુઃખનો જે કાંઈક ઉદ્‌ગમ થાય તે મોહ છે. એ મોહ તો બે પ્રકારનો કહેલો છે. મદમાં સુખનો સારી રીતે ઉદ્‌ભેદ - ઉદ્‌ગમ થાય છે. માત્સર્યમાં કેવલ અન્યનો અર્થાત્ દુઃખનો સારી રીતે ઉદ્‌ગમ-ઉદ્ભવ થાય છે. અન્ય સર્વે રાગ, ભય, હ્રી ઈત્યાદિ મનોધર્મનો યથાસમ્ભવ સુખના તથા દુઃખના ધર્મમાંથી જ ઉદ્‌ગમ થાય એમ સમજવું (૨૮૮-૨૯૧).

વિવેચન : શંકા : ‘જો એમ હોય તો જગતનાં સર્વ પ્રાણીઓને સુખ તથા દુઃખ તુલ્ય જ હોય, પરન્તુ નહિ કે પ્રત્યેક જીવને સુખ દુઃખ ન્યૂનાધિકભાવે હોવા જોઈએ. ? આ શંકા થાય તો તેનું સમાધાન કરવા આચાર્યશ્રી ઈચ્છાદિનું સ્વરૂપ કથે છે : **‘सुखधर्म इति’** સર્વત્ર સર્વ પ્રાણીઓને વિષે સુખની તથા દુઃખની સમાનતા જ છે. પરન્તુ તે સુખદુઃખના આકારો અમુક અમુક હેતુને વશ હોવાથી ન્યૂન વા અધિક હોય છે તેથી ‘હું સુખી છું - હું દુઃખી છું,’ ‘મારાથી બીજો અધિક સુખી

છે વા અધિક દુઃખી છે’ એવો જે વ્યવહાર ચાલે છે તે જીવના અજ્ઞાનથી જ ચાલે છે. ઈચ્છાદિનું સ્વરૂપ સમજવાથી એ સ્પષ્ટ થશે : સુખ ધર્મી છે; સુખનો ધર્મ અર્થાત્ આકાર ઈચ્છા તથા કામ હોય છે. તાવન્માત્ર સુખનો આકાર પ્રકટ થતાં ઈચ્છાત્વ સિદ્ધ થાય છે. તત્રાપિ કંઈક સુખનો આકાર પ્રકટ થતાં ઈચ્છાત્વ સિદ્ધ થાય છે. બહુ સુખનો આકાર પ્રકટ થતાં કામત્વ સિદ્ધ થાય છે. તેથી સુખનો આકાર પ્રકટ થાય ત્યારે ઈચ્છા તથા કામ થાય છે. પરન્તુ તે ઈચ્છા તથા કામના ધર્મિનો જે ઉદ્ગમ થાય છે તેને સુખ સમજવું. આ પ્રકારે ‘**विषयाशंसारूपेणेषदभिव्यक्तः सुखाकार इच्छा । स एवाधिकोद्गतः कामः । आशास्यविषयानुभवेऽनुकूलतयाऽभिव्यक्तो मानसः आनन्दः सुखम् ।**’ વિષયની આશંસા-અભિલાષારૂપે જે સુખાકાર સ્વલ્પ અભિવ્યક્ત થાય છે તે ઈચ્છા કહેવાય છે.’ વિષયની આશંસારૂપે જે સુખાકાર અધિક પ્રકટ થાય છે તે કામ કહેવાય છે’ આશાસ્ય - ઈષ્ટ વિષયના અનુભવ સમયે, જે અનુકૂલતાના જ્ઞાનસહિત માનસ આનન્દ પ્રકટ થાય તેને સુખ’ કહેવાય છે. આ પ્રકારે આ ત્રણે સુખ, ઈચ્છા તથા કામ અનુકૂલ બુદ્ધિથી વેદ્ય છે-અનુભવાય છે. (૨૮૯$^{૧}/_{૨}$) આ પ્રકારે સુખનું તથા તદ્ધર્મનું - તેના ધર્મનું કથન કર્યું. હવે દુઃખનું તથા તદ્ધર્મનુ સ્વરૂપ કથતાં શ્રીમદાચાર્યચરણ અતિદેશ કરે છે. એ જ પ્રકારે દ્વેષાદિ અર્થાત્ દ્વેષ તથા ક્રોધ પણ દુઃખના તથા તદ્ધર્મના જ ઉદ્ગમ છે એમ સમજવું. દુઃખ તથા તેના ધર્મ જે દ્વેષ તથા ક્રોધ છે તેનું સ્વરૂપ આ પ્રકારે છે : ‘**विषयानाशंसारूपेणेषदभिव्यक्तो दुःखाकारो द्वेषः । स एव अधिकोद्गतः क्रोधः । अनाशास्यविषयानुभवे प्रतिकूलतयाऽभिव्यक्तो मानससुखतिरोभावो दुःखम्**’ વિષયની અનાશંસારૂપે જે દુઃખાકાર ઈષત્ (સ્વલ્પ) અભિવ્યક્ત થાય છે તેને દ્વેષ સમજવો, અને ‘તે જ દુઃખાકાર જ્યારે અધિક ઉદ્ગમ પામે ત્યારે તેને ક્રોધ’ સમજવો. અનાશાસ્ય - અનિષ્ટ વિષયના અનુભવસમયે જે પ્રતિકૂલતાના જ્ઞાનસહિત માનસસુખનો તિરોભાવ થાય છે તેને દુઃખ’ સમજવું. આ ત્રણે દ્વેષ, ક્રોધ તથા દુઃખ પ્રતિકૂલ બુદ્ધિથી વેદ્ય છે -અનુભવાય છે. હવે આચાર્યશ્રી લોભનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે કે : લોભ તો ઉભયે સુખ દુઃખ ધર્મનો કંઈક ઉદ્ભેદ છે. ‘**विषयात्यन्ताभिलाषरूपेणाभिव्यक्तस्य सुखाकारस्य परस्मा अनाशंसारूपेणेषदभिव्यक्तदुःखाकारस्य चैक्यं स लोभः । कामद्वेषयोरेकीभाव इतियावत् । अयं च मेऽस्तु अन्यस्य माऽस्त्वित्याकारानुभवविशिष्टबुद्धिवेद्यः ।**’ વિષયની અભિલાષારૂપે જે સુખાકાર પોતાને પ્રકટ થાય છે તે મ્હને જ પ્રાપ્ત થાઓ, અન્ય જીવોને મા પ્રાપ્ત થાઓ’ એવી રીતે જે સુખાકારનો તથા દુઃખાકારનો એકીભાવ થાય છે તેને લોભ સમજવો. અર્થાત્ કામ તથા દ્વેષનો જે એકીભાવ થાય છે તે લોભ છે’ **‘આ પદાર્થ મ્હારો જ થાઓ’ ‘અન્યનો મા થાઓ’** એવા ઉભયાકાર અનુભવવાળી વિશિષ્ટ બુદ્ધિથી લોભ અનુભવાય છે. અર્થાત્ લોભમાં અમુક પદાર્થ જે પોતાને અત્યન્ત અભીષ્ટ હોય છે, તેનો ભોગ હું એકલો જ કરું’ એમ સુખાકાર મનમાં થાય છે એટલું જ નહિ પરન્તુ બીજાઓ એ પદાર્થનો ભોગ મા કરો’ એવી રીતે દુઃખાકાર પણ મનમાં થાય છે આ પ્રકારે જ્યારે સુખાકારનું તથા દુઃખાકારનું ઐક્ય મનમાં થાય છે, ત્યારે લોભ ઉદ્ભવે છે. (૨૯૦$^{૧}/_{૨}$) હવે મોહાદિનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે : ‘મોહ તો દ્વિપત્રવત્ એક રાગમૂલમાંથી ઉત્પન્ન થયેલો ધર્મયુક્ત સુખદુઃખના આકારનો કોઈ ઉદ્ગમ છે. તે દ્વિરૂપ છે. જેમ ક્વચિત્ અમુક વૃક્ષને વિષે એક જ બે દલનું પત્ર પરસ્પર આકારનું ઉત્પન્ન થાય છે, તેમ એક જ રાગ રૂપી મૂલમાંથી એક એવું દ્વિરૂપ મોહસ્વરૂપ ઉદ્ભવે છે કે (૧) જેના અમુક ધર્મને લીધે કોઈક સુખનો સ્વલ્પ ઉદ્ગમ થાય છે, જેમકે પુત્રવાત્સલ્યાદિમાં સુખ થાય છે, સુખનો આ ઉદ્ગમ અભીષ્ટ તરીકે અનુકૂલ બુદ્ધિથી અનુભવાય છે; અને (૨) વળી તે જ સ્વરૂપના અમુક ધર્મને

લીધે કોઈક દુઃખનો સ્વલ્પ ઉદ્ગમ પણ થાય છે, જેમકે પુત્રક્લેશાદિમાં દુઃખ પણ થાય છે. દુઃખનો આ ઉદ્ગમ અનભીષ્ટ તરીકે પ્રતિકૂલ બુદ્ધિથી અનુભવાય છે, આ પ્રકારે એક જ રાગરૂપી મૂલમાંથી જ્યારે આવી કોઈક સુખદુઃખના પરસ્પર આકારવાળી દ્વિરૂપ મનોદશા અનુભવાય છે, ત્યારે મોહ થયો એમ સમજવું. (૨૯૦)

મદનું તથા માત્સર્યનું સ્વરૂપ સ્પષ્ટ છે. ‘**चेतःप्रसादो हर्षः । हर्षोत्कर्षो मदः । परोत्कर्षासहनं मात्सर्यम्**’ ચિત્ત પ્રસન્ન થાય એ હર્ષ છે’ અને ‘હર્ષનો ઉત્કર્ષ થાય ત્યારે મદ થયો’ સમજવું. પરનો-પારકાનો ઉત્કર્ષ સહન ન થાય ત્યારે માત્સર્ય-મત્સરદોષ થયો એમ સમજવું. આમાં પણ મદ અનુકૂલબુદ્ધિથી અનુભવાતો હોવાથી મદ સુખરૂપ છે, તથા મત્સર પ્રતિકૂલબુદ્ધિથી અનુભવાતો હોવાથી મત્સરદોષ દુઃખરૂપ છે. રાગ, ભય, હ્રી -ઈત્યાદિ અન્યે સર્વે મનોધર્મો યથા સમ્ભવ સુખદુઃખમાંથી જ ઉદ્ગમ થાય છે એમ એમનું સ્વરૂપ જાણવું. જેમકે ‘**सूक्ष्मा सुखपूर्वावस्था रागः । तादृशी दुःखावस्था भयम् । अकर्मजुगुप्सा दुःखधर्मस्यातिसूक्ष्मोद्भेद-रूपा ह्री ।**’ સૂક્ષ્મ સુખની પૂર્વાવસ્થા રાગ છે. તેવી જ દુઃખની સૂક્ષ્મ પૂર્વાવસ્થા ભય છે તથા અકર્મની ગ્લાનિ જેમાં અનુભવાય એવી દુઃખધર્મની અતિસૂક્ષ્મ ઉદ્ગમદશાને હ્રી લજ્જા કહે છે. ‘**उत्साहस्तु निश्चयविशेषः । धृतिस्तु जिह्वोपस्थजयः, विषयाभिलाषोपमर्दिका मानसी क्रिया । विपरीता अधृतिः । यत्नोऽपि यदाकदाचिच्चेष्टानुकूलमानसक्रियैव ।**’ ઉત્સાહ તો નિશ્ચય વિશેષ છે. ધૃતિ = જિહ્વા તથા ઉપસ્થ ઉપર જય પ્રાપ્ત કરવો. વિષયાભિલાષનું ઉપમર્દન કરે એવી માનસી ક્રિયાને ધૃતિ કહે છે. આથી વિપરીત દશાને અધૃતિ કહે છે.’ યદા કદાચિત્ ચેષ્ટાનુકૂલ માનસીક્રિયાને યત્ન કહ્યો છે. અધર્માભાસ તથા ધર્માભાસ થાય ત્યારે તે સુખદુઃખ ધર્મથી યુક્ત થયેલા એવા મોહ, મદ, તથા માત્સર્યાદિ ફલ થાય છે એમ અર્થ સમજવો. સુખદુઃખનો જે પ્રતિનિયત ન્યૂનાધિકભાવ થાય છે તે ધર્મથી, અધર્મથી, તથા તે ધર્માભાસથી તથા અધર્માભાસથી થાય છે એમ સમજવું. યદ્યપિ ‘**परिणमतिफलोक्तिः स्वप्नचिन्तास्ववीर्यैः**’ સ્વપ્ન, ચિન્તા, તથા સ્વવીર્ય આ સૂચક દ્વારા જ્યોતિઃશાસ્ત્રમાં કહેલું ફલ પરિણામ પામે છે- ઉદ્ભવે છે’ એમ કહીને જ્યોતિઃશાસ્ત્રમાં નિર્બલ તથા સબલ ગ્રહોથી સુખાદિક થાય છે એમ કથ્યું છે. તથાપિ એ ગ્રહમત આચાર્યશ્રીને સમ્મત નથી, કારણ કે તે તે ગ્રહો માત્ર સુખદુઃખાદિકનું સૂચન કરે છે એવી વ્યવસ્થા કરી છે તથા શ્રીમદ્ભાગવતમાં ભિક્ષુગીતામાં સુખદુઃખાદિક વિષે ગ્રહો નિમિત્ત થઈ શકતા નથી એમ કહીને ગ્રહનિમિત્તતા પક્ષને દૂષિત ઠેરવ્યો છે. તેથી ધર્માધર્મથી સુખદુઃખાદિક ફલનું દાન ભગવાન્ જ કરે છે એમ પૂર્વોક્ત સિદ્ધાન્ત જ સ્વીકારવો. (૨૯૧)

શંકા : ધર્માધર્મથી જો સુખદુઃખાદિ થાય છે એમ માનો તો પછી તે તે સુખદુઃખાદિ ફલ સત્વર થવાં જોઈએ ! તેમને સિદ્ધ થવામાં વિલમ્બ કેમ થાય છે ? આ શંકાનું સમાધાન હવે આચાર્યશ્રી કરે છે :

विपाकः कर्मणां येषां प्राग्देहविनिपाततः ।
प्राप्तस्तानीह भुज्यन्ते ततोऽन्यानि भवान्तरे ॥ २९२ ॥
एते सर्वे विशेषेण जीवसन्निधिमात्रतः ।
स्फुरन्त्यन्यस्याभिमानाज्जीवो दुःखी निगद्यते ॥ २९३ ॥
अग्रपश्चाद्धावतश्च कर्मणा स्फुरितो हरिः ।
अग्रोद्गमानुद्गमनैः सुखदुःखे तनोति हि ॥ २९४ ॥

શબ્દાર્થ : જે કર્મનો [1]વિપાક દેહનો પાત થાય તે પૂર્વે આવી પહોંચે છે, તેમનો ભોગ આ ભવમાં થાય છે. પરન્તુ જે કર્મનો વિપાક[2] આ ભવમાં થઈ જતો નથી તેમનો ભોગ જન્માન્તરમાં થાય છે-એમ સમજવું. આ સર્વ (કર્મના સુખદુઃખાદિક ફલ) વિશેષે કરીને જીવના સાન્નિધ્યમાત્રથી તેમનો પોતાનો આશ્રય, જે અંતઃકરણ છે તેને વિષે સ્ફુરે છે. પરન્તુ જીવ, 'અન્તઃકરણના એ ધર્મો છે' એવો વિવેક ન રાખતાં એ સુખદુઃખાદિ ધર્મ (મ્હારા) પોતીકા છે, એવું અભિમાન રાખે છે તેથી જીવ સુખી છે વા દુઃખી છે એવો વ્યવહાર લોકમાં ચાલે છે. અર્થાત્ સંસારી જીવ અન્તઃકરણનો વિવેક રાખતો નથી - અન્તઃકરણને પોતાથી ભિન્ન માનતો નથી, પરન્તુ તેનેવિષે અભિમાન કરે છે કે આ મ્હારૂં છે, તેથી જીવ દુઃખી છે, અથવા સુખી છે' એમ કહેવાય છે. અગ્રભાવ તથા પશ્ચાદ્ભાવને લીધે અર્થાત્ વિધિ-પ્રકારે તેમજ નિષેધપ્રકારે કર્મસ્વરૂપી ભગવાન સ્ફુરે છે-પ્રકટ થાય છે. જો કર્મસ્વરૂપી ભગવાન અગ્રભાવે અર્થાત્ વિધિપ્રકારે પ્રકટ થાય છે તો સુખ આપે છે, અને જો પશ્ચાદ્ભાવે અર્થાત્ નિષેધપ્રકારે પ્રકટ થાય છે, તો દુઃખ આપે છે, એમ એક જ ભગવાન કર્મમાં અગ્રભાવે વા પશ્ચાદ્ભાવે ઉદ્ગત થઈને અર્થાત્ વિધિપ્રકારે વા નિષેધપ્રકારે પ્રકટ થઈને સુખરૂપી ફલનું અથવા તો દુઃખરૂપી ફલનું દાન કરે છે એમાં સંશય નથી. (૨૯૨-૯૩-૯૪)

વિવેચન : તે સુખદુઃખાદિ ફલ ક્યારે થાય છે ? એવી આકાંક્ષા થાય તો આચાર્યશ્રી તેનું સમાધાન કરવા કહે છે કે '**विपाकः**

---

[1] **विपाकाः कर्मफलानि जात्यायुर्भोगाः । (सर्वदर्शन०सं०पात०)** ડાંગરની માફક ક્લેશરૂપી મૂલ હોય તો કર્માશય ત્રિવિધવિપાક આરમ્ભે છે : જાતિ જન્મ, આયુષ્ય તથા ભોગ.

[2] **अन्यथाभूतस्यान्यरूपेण परिणामः । (वाच०)** વિપાક = અન્યથાભૂતનું અન્યરૂપે પરિણામ.

कर्मणामिति' [1]જે કર્મનો વિપાક દેહનો પાત થાય તે પૂર્વે થાય છે, અર્થાત્

---

[1] **૧.** સિદ્ધાન્તમાં કર્મસ્વરૂપી ભગવાન ફલદાતા થાય છે એમ માનવામાં આવેછે. જે વિહિત વા નિષિદ્ધ ક્રિયાથી કર્મસ્વરૂપી ભગવાનને અભિવ્યક્ત કરવાનો પ્રારંભ કરવામાં આવે છે. તે કર્મસ્વરૂપ જ્યારે પૂર્ણ અભિવ્યક્ત થાય છે, ત્યારે જ તે કર્મસ્વરૂપ ફલભોગયોગ્ય થાય છે. જ્યાં સુધી કર્મસ્વરૂપી ભગવાન પૂર્ણ અભિવ્યક્ત થાય નહિ, ત્યાં સુધી તે ક્રિયાનો ફલભોગ થતો નથી. એટલે કર્મ કર્યા પછી તેનો ફલભોગ થવામાં કાલનો વિલમ્બ થાય છે. જે કર્મો સૂક્ષ્મ અભિવ્યક્ત થયાં હોય છે, તેમને પોષણની - પાકવાની અપેક્ષા હોય છે. તે પોષણ કાલાન્તરે થાય છે. જે કર્મની સત્વર પુષ્ટિ થાય છે, તે સત્વર જ ફલે છે; અને જે કર્મને પુષ્ટ-પક્વ થતાં સમય લાગે છે, તેને ફલતાં વિલમ્બ થાય છે. એટલે આ જન્મમાં જેટલાં કર્મ પરિપક્વ થઈ ગયા છે તેનો જ ફલભોગ ભોગવાશે એમ સમજવું. આ આશય ધ્યાનમાં રાખીએ તો શ્રીપુરુષોત્તમજીનું નિમ્નોક્ત આવરણભંગનું વિવેચન સ્પષ્ટ થશે. **શંકા** : કર્મ સમાન હોવાથી કેટલાક કર્મનો વિપાક આ જન્મમાં જ થાય છે અને બીજાં કર્મનો જન્માન્તરમાં પરિપાક થાય છે તેનું શું કારણ ? આ શંકાનું સમાધાન કરવા કર્મનું તારતમ્ય સ્ફુટ કર્યું છે કે અલ્પફલવાળાં કર્મો બહુ કાલે પક્વ થાય છે. અત્યુગ્ર મહાફલવાળાં કર્મો આ જન્મમાં પાકે છે. તેથી આ જન્મમાં જ તે ઉગ્ર કર્મોનું ફલ ભોગવાય છે. અવશિષ્ટ બાકીનાં કર્મો તો અવર-બીજા જન્મમાં પણ ભોગવાય છે એમ જાણવું. કારણ કે '**अत्युग्रपुण्यपापानामिहैव फलमश्नुते**' જે પુણ્યકર્મ તથા પાપકર્મ અત્યુગ્ર છે તેમનું ફલ જીવ આ જન્મમાં જ ભોગવે છે. ઈત્યાદિ વાક્યો અત્ર પ્રમાણ પૂરે છે . આ પ્રકારે આચાર્યશ્રીએ કર્મોનો સ્વભાવ જણાવ્યો. **શંકા** : કર્મ ત્રિક્ષણાવસ્થાયિ હોવાથી વિલમ્બ થઈને કર્મનો ફલવ્યાપાર થાય છે એમ કહેવું અશક્ય છે - આ શંકાનું સમાધાન પણ ઉપરોક્ત પ્રકારે થઈ જાય છે. '**કર્મ ત્રિક્ષણાવસ્થાયિ છે**' એમ જો સ્વીકારો તો પણ તમારે તાદશસ્થલે અપૂર્વસમુદાય સ્વીકારવો જ પડશે, અન્યથા પરમ અપૂર્વ જ સિદ્ધ નહિ થાય. વળી, એમ પરમાપૂર્વ સિદ્ધ થાય એમ માનીએ તો પણ તે ક્ષણે ફલ થતું ન હોવાથી કાલાદિની તથા દષ્ટસામગ્રીની સહકારિતા પણ માનવી પડશે કારણ કે ત્યારે જ ફલસિદ્ધિ થશે અને તે જ પાક પદનો અર્થ છે. અમારા સિદ્ધાન્તમાં તો કર્મસ્વરૂપ ભગવાન સાર્વદિક હોવાથી જે પુરુષ પોતીકા વા બીજાના વિહિત કર્મોએ કરીને જે પ્રકારનું ભગવત્કર્મસ્વરૂપ અભિવ્યક્ત કરવાનો આરંભ કરે તે પુરુષપ્રતિ તાદશકર્માન્તરે તે પ્રકારના કર્માન્તરથી કરીને, જ્યારે તે કર્મસ્વરૂપી ભગવાન પૂર્ણ અભિવ્યક્ત થાય ત્યારે તે પુરુષથી કર્મફલરૂપ ભગવાન પૂર્ણ ભોગયોગ્ય થાય છે. આ પ્રકારે અધિક અભિવ્યક્તિથી જેમ હસ્તઅંગુલ્યાદિ અવયો સ્થૂલ થાય છે, તેમ તદવયવભૂત કર્મોના અવયવો વૃદ્ધિંગત થાય છે. આ ઉપચિતાવયવત્વ જ અર્થાત્ આ કર્મોના અવયવની વૃદ્ધિ થાય એ જ પોષ છે. આ પોષ જ વિપાક પદનો અર્થ છે એમ જાણવું. આ પ્રકારે જે કર્મો સૂક્ષ્મ અભિવ્યક્ત હોય છે તે કર્મો પોષની અપેક્ષા કરતાં હોઈને તે સમયે વિપક્વ થયા નથી. એટલે કાલાન્તરે ઉક્તરીતિએ પુષ્ટ થઈને ફલે છે. આમ તારતમ્ય હોવાથી કર્મફલ પ્રાપ્ત થવામાં આ કાલભેદ હોય છે જ.

દેહ પડે તે પૂર્વે જે કર્મ પાકી જાય છે તે કર્મનો ભોગ આ જન્મમાં થાય છે. વિપાક-કર્મફલ પરિણામ, પચન. (**भाग: १०-७१-२,५-१६-२०**). જેમ વૃક્ષના ફલનો યથાર્થ રસાસ્વાદ થવાને કાલની તેમજ ઉષ્માની-ઉષ્ણ તાપની આવશ્યકતા છે, અને જેમ અમુકકાલે અમુક તાપને લીધે વૃક્ષફલના અવયવો ઉપચિત-વૃદ્ધિંગત થાય છે, સંવલિત થાય છે, અને યથાર્થ રસાસ્વાદને માટે યોગ્ય થાય છે, તેમ કર્મનો પણ જ્યારે પાક થાય છે, અર્થાત્ કર્મો જ્યારે પાકે છે, ત્યારે તેઓ સુખદુઃખાદિ ફલ ઉત્પન્ન કરવા યોગ્ય થાય છે. ‘**ऊष्माधिक्येन सजातीयसंवलन उपचितावयत्वमेव पाकः । रूपरसादिविपर्यासरूपं कार्यं च फलादौ तद्गमकम् ।**’ પાક એટલે ઉષ્મા - ઉષ્ણતા અધિક હોવાને લીધે સજાતીય સંવલન થઈને અવયવોનું વૃદ્ધિંગત થવું તથા એકરસ આપવાને યોગ્ય થવું. ઉષ્ણતાના આધિક્યથી અવયવો ઉપચિત થાય તેને જ પાક કહે છે. ફલાદિમાં રૂપરસાદિ બદલાઈ જાય ત્યારે ફલ પાક્યું એમ સમજાય છે. આ પાક પદાર્થનો અતિદેશ અહીં કર્મફલમાં કર્યો છે.

આ પ્રકારે કર્મનો પણ સારી રીતે પરિપાક થાય છે એમ સમજવું. જે પુણ્યકર્મ વા પાપકર્મ અતિ ઉગ્ર હોય છે, તે સત્વર વિપક્વ થઈ જાય છે, એટલે તેવા પુણ્ય પાપનો ફલભોગ આ જન્મમાં જ થઈ જાય છે. તેમજ જે પુણ્ય વા પાપ અતિ ઉગ્ર નથી. અર્થાત્ જે કર્મોનું ફલ સ્વલ્પ હોય છે તેમનો વિપાક થતાં વિલમ્બ થાય છે એટલે કાલાન્તરે તેમનો ફલભોગ થાય છે. પરન્તુ કર્મનો સ્વરૂપનાશ[1] તો પ્રાયશ્ચિત્તાદિથી પણ થાય છે. કર્મનો (સર્વથા) ક્ષય[2] તો તેનો ભોગ[3] કરવાથી જ થાય છે.

---

૧. કર્મનો સ્વરૂપનાશ-ફલને અનુકૂલ થવું એવો જે કર્મનો આકાર છે તેનો નાશ.

૨. શંકા : જો આ પ્રકારે કર્મનું ફલ અવશ્ય થાય તો પ્રાયશ્ચિત્તાદિ શાસ્ત્ર વ્યર્થ થશે. - આ શંકાનું સમાધાન કરે છે કે પ્રાયશ્ચિત્તાદિથી કર્મોનો ફલને અનુકૂલ થવાનો આકાર નાશ પામે છે. તેથી પ્રાયશ્ચિત્તથી તે તે પાપકર્મનું ફલ થતું અટકે છે તથા ‘**धर्मः क्षरति कीर्तनात्**’ મ્હેં પુણ્યધર્મ

વાસુદેવની ભક્તિથી વા જ્ઞાનથી સમગ્ર કર્મનો ક્ષય થાય છે- એમ શ્રીમદ્‌ભાગવતના ષષ્ઠસ્કન્ધમાં તથા ગીતાનાં વાક્યથી સ્પષ્ટ થાય છે. જેમ કે ‘**कर्मणा कर्मनिर्हारो न ह्यात्यन्तिक इष्यते । अविद्वदधिकारित्वात् प्रायश्चित्तविमर्शनम् । केचित्केवलया भक्त्या वासुदेवपरायणाः । अघं धुन्वन्ति कार्त्स्न्ये नीहारमिव भास्करः ॥ (भाग. ६-१-११-१६) ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ॥ (भ.गी. ४-१७)** ‘પ્રાયશ્ચિત્તાદિકર્મબલે જ કંઈ આત્યન્તિક સમૂલ કર્મ નિવૃત્તિ થઈ શકતી નથી, પરન્તુ મુખ્ય પ્રાયશ્ચિત્ત તો હરિનું વિમર્શન-હરિનું સદા સ્મરણ છે એમ જણાવવા પ્રાયશ્ચિત્તાદિકકર્મનું કથન કર્યું છે. અવિદ્વજ્જનનો અધિકાર હોવાથી તે તે પ્રાયશ્ચિત્ત વિચારવું જોઈએ. જેમ સૂર્ય ધૂળનો-ઝાકળનો નાશ કરે છે, તેમ વાસુદેવપરાયણ ભગવત્પરાયણ થઈને કેટલાક ભક્તો કેવલ ભક્તિબલે સમ્પૂર્ણ રીતે પાપને નિવારી દે છે.’ ભગવત્સ્વરૂપાત્મક જ્ઞાનાગ્નિ સર્વ કર્મને એવાં તો ભસ્મીભૂત કરે છે કે જેથી તે કર્મો ફલભોગ ઉત્પન્ન કરવા અસમર્થ થાય છે. (૨૯૨) આ પ્રકારે કર્મોનાં ફલ તથા તેમના ભોગના અવસરાદિ ક્યારે પ્રાપ્ત થાય છે તે સર્વનું નિરૂપણ કર્યું. હવે સુખદુઃખાદિક ફલનો ભોગ કોણ કરે છે તેનું નિરૂપણ કરે છે ‘**एते सर्व इति ।**’ આ સર્વે સુખદુઃખાદિ અન્તઃકરણના જ ધર્મ છે. તથા જીવના સાન્નિધ્યથી સામીપ્યથી સ્ફુરે છે, અન્તઃકરણ જ સુખદુઃખાદિ ધર્મનો આશ્રય છે. તથાપિ સંસારી જીવ પોતાને એ અંતઃકરણથી પૃથક્ ભિન્ન માનતો નથી. હું જીવ પોતે જ અન્તઃકરણ છું એવું અવિવેકથી અભિમાન કરવા જીવ જ્યારે પ્રવૃત્ત થાય છે, ત્યારે તે સુખ-દુઃખાદિક (જે વસ્તુતઃ અન્તઃકરણના જ ધર્મો છે તે)

કર્યો છે - એમ ગાયા કરવાથી પુણ્ય કર્મનું તે તે ફલ થતું અટકે છે, આથી કંઈ પ્રાયશ્ચિત્તના વ્રતાદિક વ્યર્થ થતાં નથી. ૨. કર્મક્ષય - કર્મનો સ્વરૂપતિરોભાવ.

૩. અત્ર ભોગ પદ જ્ઞાનનું તથા ભક્તિનું ઉપલક્ષક છે એમ અર્થ સમજવો.

ધર્મો (જાણે) જીવના પોતીકા ધર્મ છે એવો વ્યપદેશ થાય છે. ત્યારે જીવ સુખી છે વા દુઃખી છે એવો વ્યવહાર લોકમાં થાય છે. સુખદુઃખાદિ અન્તઃકરણના જ ધર્મ છે, જીવના વા આત્માના એ ધર્મો નથી. છતાં પણ સંસારાસક્ત જીવ અન્તઃકરણ હું પોતે જ છું એનું મિથ્યા અભિમાન કરી અન્તઃકરણના સુખ-દુઃખાદિ ધર્મને પોતાના ધર્મ તરીકે માની લે છે અને અજ્ઞાનથી હું સુખી છું, દુઃખી છું એમ કહે છે (૨૯૩) વૈશેષિક મતને અનુસરીને વાદી બે પ્રકારે શંકા કરે છે કે આ સુખદુઃખાદિ ધર્મો આત્માના ધર્મો કેમ ન થઈ શકે ? અર્થાત્ અન્તઃકરણના જ તે ધર્મો છે એમાં શું પ્રમાણ છે ? આ શંકાનું સમાધાન કરવા આચાર્યશ્રી કહે છે કે '**अग्रपश्चाद्भावत इति ।**' કર્મસ્વરૂપી ભગવાન અન્તઃકરણને વિષે જ પ્રકટ થાય છે, આત્માને વિષે પોતે પ્રકટ થતા નથી. તેથી સુખાદુઃખાદિકને અન્તઃકરણના જ ધર્મો કહેલા છે. વળી, તે કર્માત્મા ભગવાન, વિધિ પ્રકારે વા નિષેધ પ્રકારે અભિવ્યક્ત થઈ પૂર્વે જે ન્યાય કથ્યો તે પ્રમાણે સુખરૂપી ફલનું તથા દુઃખરૂપી ફલનું દાન કરે છે. (૧) વૈશેષિકની અત્રોક્ત ઉભયે શંકાનું સમાધાન કરવા અર્થે શ્રીમદાચાર્યચરણે ઉપપત્તિ કહી છે કે કર્મસ્વરૂપી ભગવાન અન્તઃકરણમાં પ્રકટ થાય છે, આત્મામાં પ્રકટ થતા નથી, તેથી સુખદુઃખાદિ અન્તઃકરણના જ ધર્મ છે એમ કહેવાય છે. અત્ર આ આશય છે. - કર્મનું કાર્ય જન્મ છે, સ્વભાવનું કાર્ય પરિણામ છે એમ દ્વિતીયસ્કન્ધમાં સિદ્ધ કર્યું છે. તેથી કર્મ જ્યાં પ્રકટ થાય છે ત્યાં જ તે સુખદુઃખની ઉત્પત્તિ કરાવે છે, તેથી કર્મસ્વરૂપી ભગવાન અન્તઃકરણમાં પ્રકટ થઈને અન્તઃકરણમાં જ સુખદુઃખાદિક ઉત્પન્ન કરે છે. ત્યારે સ્વાત્મબલે અન્તઃકરણ પરિણામ પામે છે. સુખદુઃખાદિધર્મ અન્તઃકરણના જ ધર્મ છે, આત્માના નથી - એમ સમજવું. (૨) જો સુખદુઃખાદિ આત્માના ધર્મ હોય તો અશરીર એવા આત્માને પણ તે સુખદુઃખાદિ સ્પર્શ કરે, પરન્તુ જો એમ માનીએ તો આ શ્રુતિવિરોધ પ્રાપ્ત

થાય છે. જેમકે '**अशरीरं वाव सन्तं प्रियाप्रिये न स्पृशतः । (छां.८-१२-१)** પ્રિય-સુખ, અને અપ્રિય-દુઃખ એ ઉભયે અશરીર આત્માને સ્પર્શી શકતા નથી. આ શ્રુત્યનુસાર પ્રિય સુખ તથા અપ્રિય -દુઃખ આત્માના ધર્મો નથી એમ સિદ્ધ થાય છે. જો સુખદુઃખાદિને આત્માના ધર્મો માનીએ તો આ શ્રુતિનો વિરોધ આવે છે. અન્તઃકરણને વિષે કર્માત્મા ભગવાન પ્રકટ થાય છે એટલે સુખદુઃખાદિ પણ સ્વભાવે કરીને ત્યાં જ પ્રકટ થાય છે એમ સુખદુઃખાદિ અન્તઃકરણના ધર્મ છે. તેને લીધે જ કર્મફલભોગને અર્થે મનોમાત્રાત્મક લિંગ શરીર અપેક્ષિત છે. મનોમાત્રાત્મક લિંગશરીર હોય તો કર્મફલભોગ થાય અને જો ન હોય તો ન થાય, - એમ અન્વય વ્યતિરિક્ત વ્યાપ્તિબલે સુખદુઃખાદિધર્મ અન્તઃકરણના જ ધર્મ છે, પરન્તુ આત્માના ધર્મ નથી એમ જ સિદ્ધ થાય છે. 'અન્તઃકરણમાં કર્માત્મા ભગવાન પ્રકટ થતા હોય તો અનુભવ થવો જોઈએ-એમ શંકા ન કરવી, કારણ કે કર્માત્મા ભગવાન અન્તઃકરણમાં સ્ફુરે એ જ એમનું પ્રાકટ્ય છે, પરન્તુ પોતે વિશેષ આકારે વૃત્તિગોચર થતા નથી. **શંકા :** કર્મો પરિણામિ હોવાથી બ્રહ્માજીથી પ્રારમ્ભીને અમંગલ પ્રાપ્ત થાય એટલે જે કર્મોનું પરિણામ દુઃખરૂપ છે એમ કથ્યું છે તેનો વિરોધ આવશે. આ શંકા પણ ન કરવી, કારણ કે કર્મનું પરિણામ પૂર્વોક્ત પ્રકારે વિપાકાત્મક છે, તેથી વિરિંચિ-બ્રહ્મલોક પ્રાપ્ત થાય ત્યાં પર્યંત અમંગલ -દુઃખ અન્તઃકરણમાં થાય છે. અત એવ '**यच्चित्ततोऽदः कृपयाऽनिदंविदान् ॥ (भाग. २-२-२७)**' જે બ્રહ્મલોકમાં શોક નથી, દેહધર્મ જરા-વૃદ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી, મનઃ પીડા પણ નથી, વળી ત્યાં બીજે ક્યાંથી પણ ઉદ્વેગ થતો નથી. ત્યાં જે કંઈ ઉદ્વેગ થાય છે તે સ્વતઃ થાય છે અર્થાત્ જેઓ આ બ્રહ્મલોક તથા તેના સાધનભૂત થયેલા જ્ઞાનને તથા માર્ગ પ્રકારને વા આત્મપ્રકારને જાણતા નથી તેવા સંસારી જીવને જે દુરન્ત દુઃખવાળો સંસાર વારંવાર થાય છે તે જોઈને બ્રહ્મલોકમાં ગયેલા અધિકારીને જે કૃપાથી એને

પોતીકા ચિત્તથી સ્વતઃ ઉદ્વેગ થાય છે તે ઉદ્વેગ વિના બીજો કોઈ પણ ઉદ્વેગ બ્રહ્મલોકને પ્રાપ્ત થયેલા જ્ઞાનીને થતો નથી. તત્ર મુક્તિવત્ સુખ છે. એમ અત્ર સંસારીનું દુઃખ જોઈને બ્રહ્મલોકને પ્રાપ્ત થયેલા જ્ઞાનીને સ્વતઃ પોતીકા ચિત્ત હેતુથી પ્રસિદ્ધ દુઃખ કથ્યું છે. (૩) આ કારિકાનો સમ્બન્ધ પૂર્વ ૧૧૨મી કારિકા સાથે છે. કર્મ એક છે, વ્યાપક છે, અને ભગવદ્રૂપ છે. તે કર્માત્મા ભગવાન જ, ક્રિયાશક્તિરૂપે, વિધિપ્રકારે વા નિષેધ પ્રકારે એમ ભેદે કરીને પ્રકટ થઈ, એકકે સમયે સુખરૂપી ફલનું તથા દુઃખરૂપીફલનું દાન કરે છે, અર્થાત્ જે ક્ષણે એક પુરુષ વિહિત પ્રકારે અગ્રભાવે કર્માત્મા ભગવાનને પ્રકટ કરે છે, તે જ ક્ષણે બીજો પુરુષ, નિષેધ પ્રકારે-પશ્ચાદ્ભાવે કર્માત્મા ભગવાનને પ્રકટ કરે છે એમ એક્કે સમયે એક જ કર્માત્મા ભગવાન બે પ્રકારે પ્રકટ થઈ એક્કે સમયે વિધિ પ્રકારે કર્મ કરનારા જીવને સુખરૂપી ફલનું દાન કરે છે તથા નિષેધ પ્રકારે કર્મ કરનારને દુઃખરૂપીફલનું દાન કરે છે. (૨૯૪)

ઉપસંહાર : આ પ્રકારે આ ફલપ્રકરણમાં જ્ઞાનસમુચ્ચિતકર્મથી મોક્ષફલ કથ્યું. યોગ, સાંખ્ય તથા ભક્તિને એકત્ર કર્યાથી પણ મોક્ષફલ પ્રાપ્ત થાય છે એમ કથ્યું. કેવલ યોગ તથા સાંખ્ય અવિદ્યાનિવૃત્તિ ફલ ઉત્પન્ન કરે છે પરન્તુ ધર્મહીન અર્થાત્ વિમાર્ગે પરિપોષિત થયેલા એવા અન્ય જે નિષિદ્ધ સાંખ્ય તથા યોગમાર્ગ છે તેમનાથી નરક ફલ થાય છે એમ પ્રતિપાદિત કર્યું. ભ્રાન્તિથી પ્રતિપન્ન થયેલા એવા ધૂમાદિમાર્ગે ધર્મરૂપ ભૌતિક સુખ તથા તત્તિરોભાવરૂપ દુઃખ દ્વિવિધકર્મનું ફલ થાય છે એમ કહ્યું, તે જ પ્રકારે ઉપાસનામાં સુખ કહ્યું, પ્રકીર્ણ (પ્રવાહી) જીવોને તૃતીયમાર્ગનું ફલ પ્રાપ્ત થાય છે અર્થાત્ તેમને **‘जायस्व म्रियस्व’** ઈત્યાદિ વાક્યમાં કહેલા પુનઃ પુનઃ જન્મમરણાત્મક પ્રવાહમાં પ્રવેશ થવારૂપી ફલ પ્રાપ્ત થાય છે એમ કથ્યું. ભગવદીય-ભગવદિચ્છાએ કરેલા યોગ, સાંખ્ય, તથા કર્મસમર્પણનું ફલ એ છે કે તે તે અધિકારીને કાલવિલમ્બે ભક્તિ પ્રાપ્ત થાય છે - એમ તેમનું ભક્તિરૂપી ફલ કથ્યું. કાપાલિકયોગનું ફલ એ કહ્યું કે દેહનોવિપાક થાય તો અર્થાત્ દેહ પ્રકર્ષે કરીને સિદ્ધ થાય તો મોક્ષફલ પ્રાપ્ત થાય, અન્યથા નરકાદિ ફલ પ્રાપ્ત થાય છે. વળી, અનેક પ્રકારના શાક્તાદિમાર્ગોનું ફલ નરક પ્રાપ્ત થાય છે એમ પણ કહ્યું, આ પ્રકારે સર્વ માર્ગનું ફલ નિરૂપણ કરીને શ્રીમદાચાર્યચરણે વૈદિકમુખ્યમાર્ગ તથા ભગવદુક્તભક્તિમાર્ગ વિનાના અન્યસર્વ માર્ગો ફલતઃ - ફલની દૃષ્ટિએ જઘન્ય છે, કનિષ્ઠ છે-ઉતરતી કક્ષાના છે એમ પ્રતિપાદિત કર્યું.

‘सर्वोद्धारप्रयत्नात्मा कृष्णः प्रादुर्बभूव ह । प्राणिमात्रस्य मोक्षदानार्थमेव भगवान् अभिव्यक्तः । श्रीसुबो.’ કૃષ્ણ તો ખરેખર સર્વોદ્ધાર પ્રયત્નાર્થે પ્રકટ થયા છે. પ્રાણિ માત્રના મોક્ષદાનને અર્થે જ ભગવાન અભિવ્યક્ત થયા છે. (શ્રીસુબોધિનીજી) **‘सर्वोद्धारप्रयत्नस् तु सर्वेषां सर्वदोषनुत् । (भागनिबन्ध का. १०-५४)’** ભગવાન કૃષ્ણ તો સર્વોદ્ધારાર્થે પ્રયત્ન કરીને સર્વ કોઈના સર્વદોષ હરી લે છે. **‘इति फलप्रकरणं समाप्तम् ।’**

આ પ્રકારે સર્વનિર્ણય પ્રકરણમાં તૃતીય ફલપ્રકરણ સમાપ્ત થયું.